॥ श्रीहरिः ॥

॥ श्रीमथुरेशो जयति ॥

॥ श्रीवल्लभाख्यान ॥

(શ્રીગોપાલદાસજીકૃત.)

તથા

मूलपुरुष.

(શ્રીદ્વારિકેશજીમહારાજકૃત.)

આવૃત્તિ બીજી. [પ્રથમાવૃત્તિ ઉપરથી] પ્રત ૧૦૦૦.

શુદ્ધ ગુજરાતીમાં શબ્દાર્થ સાથે છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઇની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૦૩૮, શ્રીવલ્લભાબ્દ ૪૩૬, સંવત ૧૯૭૦, સન ૧૯૧૪.

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રિન્ટિંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

નોછાવર, રૂ. ૦–૩–૦, ટપાલખર્ચ, ૦–૦–૬.

॥ श्रीहरिः ॥

॥ श्रीमथुरेशो जयति ॥

॥ श्रीवल्लभाख्यान ॥

(શ્રીગોપાલદાસજીકૃત.)

तथा

मूलपुरुष.

(શ્રીદ્વારિકેશજીમહારાજકૃત.)

આવૃત્તિ બીજી. [પ્રથમાવૃત્તિ ઉપરથી] પ્રત ૧૦૦૦.

શુદ્ધ ગુજરાતીમાં શબ્દાર્થ સાથે છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઇની પોળમાં—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૮, શ્રીવલ્લભાબ્દ ૪૩૬, સંવત્ ૧૯૭૦, સન ૧૯૧૪.

અમદાવાદ—ધી " ગુજરાત " પ્રિન્ટિંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

નોછાવર, રૂ. ૦–૩–૦, ટપાલખર્ચ, ૦–૦–૬.

પુછયું કે આ કોણ છે ? ત્યારે ભાઇલા કોઠારીએ વિનતિ કરી, જે હે કૃપાનાથ ! એ તો આપણી ગોમતીનો વર છે. ત્યારે આપશ્રીએ કહ્યું જે ગોમતીનો વર તો સાગર હોવો જોઇએ; ત્યારે કોઠારીજીએ કહ્યું જે આપની કૃપાથી એ જ સાગર થશે. ત્યાર પછી આપે કૃપા કરી ગોપાલદાસજીને અધરામૃત આપ્યું જેથી સકલ લીલા તેમને સ્ફુરી અને શ્રીવલ્લભાખ્યાન તુરતજ ગાવાનું શરૂ કર્યું, " વંદું શ્રીવિઠ્ઠલવર સુંદર નવઘન શ્યામ તમાલજી. " વિગેરે.

આ ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, શ્રીગુસાંઇજી તથા તેમનાં સર્વે પુત્ર પુત્રીઓ અને વહુજીઓનાં નામો તથા તેમના ગુણોનું વર્ણન કરેલું છે. ફક્ત શ્રીગુસાંઇજીના શ્રીરૂકિમણીજી તથા શ્રીપદ્માવતી વહુજીઓના નામો તથા ગુણોનું વર્ણન કર્યું નથી, તેપરથી સિદ્ધ થાય છે કે આખ્યાનો શ્રીગોપાલદાસજીએ કરેલા હોવા છતાં વાણી શ્રીગુસાંઇજીની જ છે, કારણ પતિએ પોતાની સ્ત્રીનું નામ ન લેવું એવો ધર્મશાસ્ત્રનો નિર્ણય છે. એ જ પ્રમાણે શ્રીમદ્‌ભાગવતના સંબંધમાં થયું છે, કારણ કે શ્રીભગવાને શ્રીશુકદેવજીના મુખારવિન્દદ્વારા શ્રીભાગવત કહેવડાવ્યું પણ કોઇ ઠેકાણે શ્રીરાધાજીનું નામ દીધું નથી.

એક વાર્તામાં એમ પ્રસિદ્ધ છે કે જે સમે શ્રીગુસાંઇજીએ ગોપાલદાસને અધરામૃત આપ્યું તે સમે રાત્રિ હતી તેથી શ્રીગોપાલદાસજીને રાસલીલાનાં દર્શન થયાં અને તેઓ આખી રાત તેમાં નિમગ્ન હતા તે બીજે દહાડે સવા પહોર દિવસ ચઢયો ત્યાંલગી તેમાં રહી પછી લૌકિકમાં પ્રવૃત્તિ

થઇ; તે આવેશથી પ્રાતઃકાળ હોવા છતાં પણ પ્રથમ આ શ્રીવલ્લભાખ્યાનનું ગાન કેદાર રાગમાં કીધું છે. એઓએ સંપૂર્ણ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત નવ આખ્યાનમાં વર્ણવી આપ્યો છે.

સદરહુ ગ્રંથ પ્રથમ સંવત ૧૯૧૯ની સાલમાં મુંબઇ-માં ડૅાકટર ધીરજરામ દલપતરામે છપાવી બહાર પાડેલો હતો, ત્યારબાદ સંવત્ ૧૯૨૬માં મુંબઇવાળા ગોસ્વામી શ્રીજીવણલાલજી મહારાજ અને રાજનગરવાળા ગોસ્વામી શ્રીવ્રજરાયજી મહારાજ તરફથી, ત્યારબાદ સંવત્ ૧૯૫૪ માં યદુવંશી પુસ્તકાલયના માલિક ગોવર્દ્ધનદાસ લક્ષ્મી-દાસ તરફથી અને છેવટે સંવત ૧૯૬૪માં ધંધુકાવાળા વન-માળીદાસ રતનજી શાહ તરફથી બહાર પડેલ છે, તે તમામ પ્રતોની સાથે મુકાબલો શુદ્ધ પાઠ થાય તેને માટે કર્યો છે; અને વળી તેની જુજ કીંમત રાખવામાં આવેલી છે, તેનું કારણ એટલું જ કે ગરીબથી તે તવંગર વૈષ્ણવજનો લાભ લેઇ શકે. આવાં નાનાં પુસ્તકો જેમાં ફક્ત નવ આખ્યાનો છાપેલાં હોય છે, તેવાં પુસ્તકોની અશુદ્ધિ સામું જોયું હોય તો ખરેખર તેના ઉપર અભાવો આવ્યા વગર રહે જ નહિ, કારણ કે તેમાં કોઇ શબ્દને બદલે કોઈ શબ્દ અને અર્થને બદલે અનર્થ થાય, તેથી સુજ્ઞ વૈષ્ણવોના મનને ખેદ થયા વગર રહેતો નથી. અશુદ્ધ બોલવું અગર ગાવું તેના કરતાં મુંગા રહેવું એ જ ઉત્તમ છે. બજારમાં પુસ્તકો વેચનાર શુદ્ધિ અશુદ્ધિને માટે દરકાર નહી રાખતા છપાવે જાય છે ને પુસ્તકો સસ્તાં વેચે છે એટલે ખરેખર વૈષ્ણવોને તેના ઉપર અણગમો થયા વગર રહેતો જ નથી.

આ પુસ્તક મારાથી બને તેટલું પુરતું ધ્યાન દઈને છપાવી બહાર પાડયું છે છતાં કોઈ પ્રકારની રહી ગયલી ભૂલને સુજ્ઞજનો સુધારીને વાંચશે એટલી મારી વિનતિ છે. આખ્યાનમાં કોઈ કોઈ જગાએ બે પાઠ હોય છે તેની સમજણ "ફુટનોટ"માં મુકવામાં આવી છે.

છેવટે આગ્રહી વૈષ્ણવો અને સદ્‌ગૃહસ્થોને મારી નમ્ર વિનતિ છે કે સર્વ વૈષ્ણવોને થોડા ખર્ચે લાભ મળે તેમ કરવામાં આવા સંગીન કાર્યો મદદરૂપ છે, તો તેને સહાયતા કરવા ઉત્સુક જણાશો એટલી મારી ભલામણ છે. એ રીતે વર્તવાથી મદદ કરનારને અલૌકિક અલભ્ય લાભ ગર્ભિત રીતે બહુ મળે છે તેમાં કાંઇ સંદેહ નથી. "सुज्ञेषु किम् बहुना"

સં. ૧૯૭૦ના ચૈત્ર વદ ૧૧ ને
મંગળવાર તા. ૨૧-૪-૧૪.
અમદાવાદ
જેઠાભાઈની પોળમાં, ખાડીયા.

લી૦ દાસાનુદાસ,
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ
ના દીનતાપૂર્વક જય શ્રીકૃષ્ણ વાંચશો.

श्रीमद्वल्लभाचार्यजी.



श्रीमहाप्रभुजी माधवभट्टने श्रीसुबोधिनीजी लखावे छे.

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी।
नाराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले॥

जन्म संवत् १५३५ व्रज वैशाख कृष्णपक्ष ११.

॥ श्रीकृष्णाय नमः ॥

॥ अथ श्रीवल्लभाख्यान प्रारंभः ॥

(नवाख्यान.)

आख्यान पहेलुं.

(રાગ કેદારો તાલ દીપચંદી અથવા ત્રિતાલો).

દોઢેક પહોર રાત્રે ગવાય છે,

વંદુ[1] શ્રીવિઠ્ઠલવર[2] સુંદર[*], નવઘન[3] શ્યામ તમાલજી[4];
જગતીતલ[5] ઉદ્ધાર કરેવા, પ્રકટયા પરમદયાલ. 1

શ્રીપુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજતનુ[6] ધારી;
સાત દિવસ ગિરિવર કર[7] ધાર્યો, વાસવ[8]વૃષ્ટિ નિવારી[9]. 2

તે પ્રકટયાનું કારણ કહિયે, જો શ્રોતા[10] મન આણો;
કરો કૃપા હું કરૂં વિનતિ, પોતાનો કરિ જાણો. 3

વ્યાપકરૂપ અદ્વૈત[11] બ્રહ્મ[12] જે, તેજોમય[13] કહેવાય;
આર્યપંથ[14] અધિકારી મુનિજન[15], તે માંહે લય, 4

---

૧ નમન કરૂં છું. ૨ પતિ. શ્રેષ્ઠ *“સુંદરવર” એવો પણ પાઠ છે. ૩ નવો મેઘ. ૪ એ નામનું વૃક્ષ. ૫ ભૂતલ. ૬ બ્રાહ્મણદેહ. ૭ શ્રીહસ્ત. ૮ ઈંદ્ર. ૯ રોકી. ૧૦ “જો સુરતા મન આણો” એવો પણ પાઠ છે. ૧૧ એક જ. ૧૨ અક્ષર બ્રહ્મ. ૧૩ સ્વયંપ્રકાશ. ૧૪ વેદમાર્ગ; નિષ્કામ કર્મમાર્ગ. ૧૫ મૌન ધારણ કરીને પ્રભુનું જ ભજન કરવાવાળા.

[૧]અક્ષર આદિ અખંડ અનૂપમ, ઉપમા કહી ન જાય;
[૨]અસ્તિ વસ્તુ સૌ કો મલિ બોલે,[૩]નિગમ [૪]નેતિનેતિ ગાય, ૫
નિર્ગુણનો [૫]નિર્દેશ અટપટો, [૬]રસના શી પેરે કહિયે;
રૂપ વર્ણ [૭]વપુ દ્રષ્ટ પદાર્થ, ત્યાં એકો નવ લહિયે. ૬
તેહથકી પુરુષોત્તમ અળગા, લીલા અચલ [૮]વિહાર;
[૯]બ્રહ્મજ્ઞાની ને [૧૦]મુક્તિમાર્ગી, સ્વપ્ને નહીં વેહેવાર. ૭
જ્યાં શ્રીવૃંદાવન આદિ [૧૧]અચલ [૧૨]શશી, [૧૩]શરદરેણુ [૧૪]બહુવેશ;
[૧૫]વનદેવી [૧૬]પદકુમકુમ મુખ સુખ, સ્પર્શે રંગ વિશેષ. ૮
જ્યાં [૧૭]સરિતા [૧૮]ચામીકર [૧૯]મણિગણ, [૨૦]ઉભયબદ્ધ [૨૧]સોપાન;
કમલ [૨૨]કુમુદ [૨૩]નાના [૨૪]અલિ સુંદર, *મધુર કરે ત્યાં ગાન. ૯
[૨૫]કનકલતા માલતી [૨૬]મલ્લિકા, વિવિધ કુસુમ [૨૭]મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરી, સ્પર્શે અતિ આનંદ. ૧૦
[૨૮]પદ્મરાગ [૨૯]મરકતમણિ સ્ફટિક, શ્રીગોવર્દ્ધન સોહે;
[૩૦]બ્રહ્મ [૩૧]રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિના મન મોહે. ૧૧

---

૧ અક્ષર બ્રહ્મ. ૨ કાંઇ વસ્તુ છે. ૩ વેદ. ૪ "એમ નથી એમ નથી." ૫ નિરૂપણ. ૬ જીવ્હા. ૭ દેહ. ૮ રાસક્રીડા. ૯ કર્મમાર્ગી. ૧૦ મર્યાદાભક્તિમાર્ગી. ૧૧ ગિરિરાજ. ૧૨ ચંદ્રમા. ૧૩ શરદ ઋતુની રાત્રિ. ૧૪ "બેશ" એવો પણ પાઠ છે. ૧૫ પુલિંદી વિગેરે. ૧૬ ચરણારવિંદનું પ્રસાદી કેસર. ૧૭ શ્રીયમુનાજી. ૧૮ સુવર્ણ. ૧૯ મણિનો સમૂહ. ૨૦ બંને બાજુઓ. ૨૧ સીઢી. ૨૨ ચંદ્ર વિકાસી કમલ. ૨૩ અનેક પ્રકારના. ૨૪ ભમર. *"મધુપ કરે ત્યાં ગાન" એવો પણ પાઠ છે. ૨૫ પીળા ચમેલી. ૨૬ મોગરા. ૨૭ મંદ સુગંધ. ૨૮ ઉત્તમ માણેક. ૨૯ ઇંદ્રનીલમણિ. ૩૦ બ્રહ્માજી. ૩૧ શિવજી.

નાના પક્ષીની શબ્દમાધુરી, શોભાતણો નહિ પાર;
વિવિધ પ્રકારે જુજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
[૧]શ્યામા [૨]શતદલનયન [૩]સુંદરી, જૂથતણો નહિ પાર;
અનેક રાસમંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર. ૧૩
એણીપેરે નિત્ય નવલી લીલા, [૪]ઘોષ [૫]વાદ્ય ઝંકાર;
અંગસ્વેદમકરંદે મોહ્યા, [૬]મધુપ કરે ગુંજાર. ૧૪
તે પ્રભુને મન ઇચ્છા ઉપની, જશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ૧૫
[૭]ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની, અતિસુંદર બ્રહ્માંડ;
ચૌદ લોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવખંડ. ૧૬
[૮]પરપોતાની [૯]વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે [૧૦]દ્વિધા પ્રકાર;
દૈવી આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરી ને માયા દાસી, બે મૂર્તિ પ્રકટાવી;
તેમાં પહેલી [૧૧]નખશિખસુભગા, શ્રીહરિને મન ભાવી.૧૮
[૧૨]કૃપાકટાક્ષે હુવા [૧૩]અક્ષરમાં, ઉપન્યા [૧૪]સત્ત્વ અનંત;
ભક્તિલીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન;
[૧૫]કર્મજડ [૧૬]આસુરી [૧૭]અન્ય ઉપાસક,[૧૮]ભજન[૧૯]ધર્મથી હીન. ૨૦

---

૧ કીશોરવયવાળી સોળ વર્ષની ઉમ્મરની શ્યામા. ૧ ૧૦૦ પાંખડીના કમળ જેવાં નયનવાળાં. ૩ વ્રજાંગના. ૪ અવાજ (કંકણ વિ.) ૫ મૃદંગ વિ. નો શબ્દ. ૬ ભમરા. ૭ ભ્રૂકુટીના ચલન માત્રથી. ૮ પરકીયસ્વકીયની. ૯ સ્પષ્ટતા. ૧૦ બે પ્રકારની. ૧૧ નખથી કેશપર્યંત સૌભાગ્યવાળી. ૧૨ ઇચ્છાપૂર્વક દેખવું તે. ૧૩ અક્ષર બ્રહ્મમાં. ૧૪ અસંખ્યાત જીવો. ૧૫ કર્મકાંડમાં આસક્તિવાળા. ૧૬ ઈશ્વરને નહી માનનારા. ૧૭ શ્રીપૂર્ણપુરુષોત્તમ ભગવાનસિવાય બીજા દેવતાનું ભજન કરવાવાળા. ૧૮–૧૯ પ્રભુની સેવા નહી કરવાવાળા અને વેદમાં વર્ણાશ્રમ ધર્મો બતાવેલા છે તેને પણ નહી માનનારા.

એણીપ્રકારે સૃષ્ટિ દ્વિધા[1] ગુણ[2] મિશ્રિત ચાલી જાય;
*ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર, કેવલ ભક્ત ન થાય. ૨૧
શ્રીપુરુષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરિયે;
મ્હારી સેવા અને કથારસ, નિરૂપવા[3] તનુ[4] ધરિયે. ૨૨
ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં, ઇચ્છા કરિ હરિસાર;
તેને હિતે આપોપે પ્રકટ્યા, શ્રીવલ્લભરાજકુમાર. ૨૩
પૂર્ણબ્રહ્મ શ્રીલક્ષ્મણ સુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ;
શ્રીગોકુલમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ[5]. ૨૪

इति श्रीगोपालदासजीकृत प्रथमाख्यान संपूर्ण.

आख्यान बीजुं.

(રાગ રામકલિ તાલ આડોચોતાલો દિવસ ઉગતે ગવાય છે.)

લક્ષ્મણ[6] સુત શ્રીવલ્લભરાયજી[7],
સ્મરણ કરતાં દુષ્કૃત[8] જાયજી;

૧ દૈવી આસુરી એ પ્રકારની સૃષ્ટિ. ૨ સત્વ રજ તમથી યુક્ત. *અર્ધી તુકનો અર્થઃ-નિર્ગુણ ભક્તિમાર્ગીય જે જીવ છે તે સ્વતંત્રતાથી કેવળ ભક્ત થાય નહી એટલે ગુરુની કૃપાવિના જ્ઞાનભક્તિ જરાએ પ્રાપ્ત કરી શકતો નથી. ૩ નિરૂપણ કરવા. ૪ દેહ. ૫ બ્રહ્મસંબંધ આપી ધણીયાતા કર્યા, પ્રભુનો સંબંધ કરાવ્યો. ૬ લક્ષ્મણભટ્ટજીના પુત્ર શ્રીવલ્લભાચાર્યજી. ૭ શ્રીવલ્લભરાયજી કહેવાય છે તેનું કારણ એ કે વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાને ત્યાં ભરતખંડમાં ઘણા મતમતાંતરો ચાલે છે તેમાં કીયો માર્ગ શ્રેષ્ઠ છે તે સિદ્ધ કરવાને માટે સર્વ માર્ગના આચાર્યોને બોલાવ્યા તે વખતે વિષ્ણુસંપ્રદાયની ગાદીના આચાર્ય તરીકે ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા તે વખતે માયામતનું ખંડન કરી શુદ્ધાદ્વૈતમતનું સ્થાપન કર્યું. પછી રાજાએ કનકાભિષેક કરાવી શ્રીમહાપ્રભુજીને તિલક કર્યું. એટલે બધા આચાર્યોના રાય એટલે રાજા કહેવાયા. ૮ પાપ.

કલિ[૧]જન તરેવા નહીં અવર ઉપાયજી,
યજ્ઞપુરુષ[૨] હરિ[૩]ના શ્રુતિ ગુણ ગાયજી. ઢાળ. ૧
ગાય શ્રુતિ ગુણરૂપ અહર્નિશ, ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ અનૂપ[૪] સુંદર, પામે નહિ કોઇ પાર[૫]. ૨
પ્રાણપતિ[૬] પ્રાકટ્ય કારણ, કાંઇએક કહું મતિમંદ[૭];
હર[૮] સુર[૯] વિધાતા[૧૦] નવલહે, સાક્ષાત્ બ્રહ્માનંદ. ૩
શ્રીવૃંદાવન ચંદમુખ રૂચિ[૧૧], અગ્નિ તે અવતાર;
દ્વિજતિલક[૧૨] ત્રિભુવન નામ[૧૩] નિરૂપમ, રૂપ અંગીકાર[૧૪]. ૪
દેવલોક દુંદુભિ વાજિયાં, આનંદ કરે રે નિઃશંક[૧૫];
અસુર[૧૬]તિમિર[૧૭] ઉચ્છેદવા[૧૮], ભુવિ વલ્લભદેવ[૧૯] મયંક[૨૦]. ૫
પૂર્ણપુરૂષ[૨૧] પ્રમાણપંથા[૨૨] વ્યાખ્યાતા[૨૩] વેદાંત;
ગ્રંથ સર્વે રસરૂપ[૨૪] કીધા, પોતાને સિદ્ધાંત[૨૫]. ૬
રસિકરસના રસિકવાણી, જાણી સર્વે નવખંડ;
ઉર્ધ્વપંથા[૨૬] સુજશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ[૨૭]. ૭
એક બ્રહ્માંડે જેના જશ ન માયા, તેના હુવા કોટિ અનંત;

---

૧ કલિયુગના જીવો. ૨ યજ્ઞસ્વરૂપ પ્રભુ, યજ્ઞ કરાવનાર અને યજ્ઞભોકતા "યજ્ઞભોક્તા, યજ્ઞકર્ત્તા" એવું નામ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં છે. ૩ સર્વના દુઃખને હરણ કરવાવાળા. ૪ ઉપમા આપી ન શકાય એવા. ૫ અંત, છેડો. ૬ અલૌકિક પતિ ૭ મંદબુદ્ધિ. ૮ શિવજી. ૯ ઇંદ્રાદિક દેવ. ૧૦ બ્રહ્માજી. ૧૧ કોટિ કળા શ્રીવૃંદાવન ચંદ્રરૂપી પ્રભુના મુખારવિંદની કાંતિ. ૧૨ ઉત્તમ બ્રાહ્મણ. ૧૩ કીર્તિ. ૧૪ ધારણ કર્યું. ૧૫ ભયરહિત. ૧૬ માયાવાદી લોકો. ૧૭ અંધારૂં. ૧૮ નાશ કરવા. ૧૯ દેવતાઓના પ્રિય. ૨૦ ચંદ્રમા. ૨૧ શ્રીપુરુષોત્તમ. ૨૨ વેદમાર્ગ ૨૩ ભાષ્ય કરવાવાળા. ૨૪ પ્રભુનું સ્વરૂપ. ૨૫ શુદ્ધાદ્વૈત સિદ્ધાંત. ૨૬ આકાશમાર્ગ. ૨૭ ચૌદલોકમાં.

તોએ ત્યાંથકી વાધિયો જઇ, વશ્યો મુખ ધીમંત[1]. ૮
અતુલ[2] અમલ[3] ઉદ્યોત[4] ઉદયો, ભૂતલ દ્વિજમાર્તંડ[5];
ભક્તિમાર્ગ[6] કેસરી[7] ગજ[8], માયિકમત[9] શતખંડ[10]. ૯
દિગ્વિજય દશ દિશાયે કીધો, પરિક્રમાને વ્યાજ[11];
તીર્થ સકલ સનાથ[12] કીધાં, ચરણરેણુ સમાજ[13]. ૧૦
પત્રાવલંબે[14] પંડિત જીત્યા, માયિકમતમાતંગ[15];
શ્રીકૃષ્ણપૂર્ણબ્રહ્મ[16] સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ[17]. ૧૧
સ્વમાર્ગ[18] સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ[19];
નામ[20] આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખમકરંદ[21]. ૧૨
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ;
કોમલપદ[22] જ્યાં કમલ વિલસે[23], ધન્ય કહું તે દેશ. ૧૩
અંગ[24] બંગ[25] કલિંગ[26] કૈકટ[27], માગધ[28] મારૂ[29] સુર[30] સિંધ[31];
તે તામસનાં અઘ[32] હર્યાં, પ્રતાપ પદરજગંધ. ૧૪

---

૧ બુદ્ધિમાન પુરુષ. ૨ તુલના કરી શકાય નહી. ૩ મલરહિત, પ્રકાશિત. ૪ તેજ. ૫ શ્રીમહાપ્રભુજીને સૂર્યની ઉપમા આપી છે. ૬ પુષ્ટિમાર્ગ. ૭ સિંહ. ૮ હાથી. ૯ માયાવાદ. ૧૦ સેંકડો ટુકડા. ૧૧ મિષ, બહાનું. ૧૨ ધણીયાતા. ૧૩ ચરણરજનો સમાગમ. ૧૪ પત્રાવલંબન ગ્રંથ. ૧૫ મદોન્મત્ત હસ્તિ જેવા માયાવાદીઓ. ૧૬ કોટિ કંદર્પ લાવણ્ય પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્ર. ૧૭ લૌકિક આકારરહિત, કામદેવ. ૧૮ પુષ્ટિમાર્ગ. ૧૯ સેવાનો આનંદ. ૨૦ અષ્ટાક્ષર, પંચાક્ષર. ૨૧ શ્રીસુબોધિનીજીનું દાન, શ્રીમુખથી અધરામૃતનું દાન. ૨૨ સુકુમાર ચરણારવિંદ. ૨૩ પધારે છે, શોભે છે. ૨૪ અંગદેશ. ૨૫ બંગાલદેશ, (ગંગાસાગર.) ૨૬ કલિંગદેશ. ૨૭ કિકટદેશ (શ્રીગયાજી). ૨૮ મગધદેશ (હાજીપુર). ૨૯ મારવાડ દેશ (શ્રીપુષ્કરજી). ૩૦ સૌરાષ્ટ્ર કાઠિયાવાડ. (જૂનાગઢ). ૩૧ સિંધ દેશ. ૩૨ પાપ.

કનકસ્નાન[૧] શતમણસુવર્ણ[૨], કરાવ્યું મહીપાલ[૩];
તે મુકીને વેગે ચાલિયા, રાય[૪] દૃષ્ટિ ન પાછી વાલ. ૧૫
ત્યાંથી[૫] દક્ષિણ પ્રભુ પધારિયા, પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ;
નેત્ર મળતાં વાત કીધા, વચન દીધું હાથ. ૧૬
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજીસૂં વાત;
અમને તે ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત, ૧૭
તે પુરુષોત્તમ પ્રકટશે, શ્રીવિઠ્ઠલ રૂપનિધાન;
નેત્રકમલે નાનાભાવે, દેશે ભક્તને સન્માન. ૧૮
ત્યાંથી શ્રીવૃંદાવન પાંઉ ધારિયા, જ્યાં મધુપ[૬] કરે ઝંકાર;
કુસુમદ્રુમનવમલ્લિકા[૭], મકરંદ[૮]નો નહીં પાર. ૧૯
તરૂ[૯]તમાલ અતિ શોભતા, હેમજૂથકા[૧૦]સંઘોડ;
લલના[૧૧] તે સુભગા લટકતાં, હીંડે તે મોડામોડ[૧૨]. ૨૦
તાનધુનિ[૧૩] મુનિ[૧૪] મયૂરરૂપે[૧૫], સાંભળે ધરિ ધ્યાન;
નિત્યલીલાગાન શ્રવણે[૧૬], કરે તે મધુપાન[૧૭]. ૨૧
કુંજ[૧૮]સદન સોહામણા, શોભાતણો નહીં પાર;
વિવિધ રાસમંડલ રચના રચિ, ખેલે શ્રીનંદકુમાર. ૨૨

---

૧ કનકાભિષેક. ૨ ૧૦૦ મણ સોનું. ૩ કૃષ્ણદેવ રાજા. ૪ શ્રીવલ્લભાચાર્યજી. ૫ વિદ્યાનગરથી. ૬ ભમરા. ૭ ફુલના નામ છે. ૮ સુગંધ. ૯ તમાલનું ઝાડ. ૧૦ ઝાડનો સમૂહ. ૧૧ શ્રીગોપિકાઓ. ૧૨ રસરૂપ ચાલ જેથી પ્રેમ ઉત્પન્ન થાય. ૧૩ વીણા મૃદંગ વિગેરેના શબ્દ (અવાજ). ૧૪ મુનિજન. ૧૫ મોરના સ્વરૂપે. ૧૬ કાનદ્વારા. ૧૭ મિષ્ટરસનું પાન. ૧૮ નિકુંજ.

રંગે તે રમતા દીઠડા, બલદેવ[૧] શ્રીગોવિંદ[૨];
એ પુત્રભાવે પ્રકટશે, મન ઉપન્યો આનંદ. ૨૩
બલદેવ શ્રીગોપીનાથ કહિયે, શ્રીવિઠ્ઠલ નંદાનંદ;
એ વેદપંથ[૩] વિસ્તારશે, જન[૪] આપશે આનંદ. ૨૪
ત્યાંથી કેશિઘાટ[૫] પધારિયા, કહિ કથા[૬] તત્ત્વ[૭] સમાધિ[૮];
રસપુંજ પુરૂષોત્તમ પ્રમાણ્યા[૯], સરસ્વતી[૧૦] તજિ આધિ[૧૧]. ૨૫
ગિરિરાજને આશ્વાસ[૧૨] દીધો, ધરી કોમલચરણ;
હર્ષે તે સામા આવિયા, શ્રીગોવર્દ્ધન ઉદ્ધરણ. ૨૬
હળીમળીને ચાલિયા, ચરણાટ[૧૩] જ્યાં નિજધામ[૧૪];
નવરંગનાગર[૧૫] પ્રકટિયા, મન પૂરવા બહુ કામ[૧૬]. ૨૭
તત્ત્વસંખ્યાયે[૧૭] કહ્યાં, પદ સાર માંહે સાર;
હવે કાંઇએક સ્તુતિ કરૂં, શ્રીવલ્લભરાજ કુમાર. ૨૮

इति श्रीगोपालदासजीकृत द्वितीयाख्यान संपूर्ण.

---

૧ શ્રીબલદેવજી (શ્રીગોપીનાથ). ૨ શ્રીકૃષ્ણ (શ્રીવિઠ્ઠલનાથજી). ૩ વેદપ્રતિપાદિત પુષ્ટિમાર્ગ. ૪ દૈવી જીવ. ૫ શ્રીવૃંદાવનમાં છે તે. ૬ શ્રીમદ્ ભાગવતની. ૭ વેદશાસ્ત્ર પુરાણાદિકનું તત્ત્વ. ૮ વ્યાસજીની સમાધિભાષા (શ્રીમદ્ભાગવતની કથા). ૯ વેદ તથા શ્રુતિઓના પ્રમાણોથી. ૧૦ વાગ્દેવતા. ૧૧ મનની વ્યથા. ૧૨ ધીરજ. ૧૩ કાશીથી સાત કોસ ઉપર ચરણાદ્રિ. ૧૪ પોતાનું ઘર. ૧૫ ચતુર એવા શ્રીગુસાંઇજી. ૧૬ મનોરથ. ૧૭ અઠ્ઠાવીશ તત્ત્વ (૨૮ પદ અગર સંખ્યા).

आख्यान त्रीजुं.

(રાગ ધનાશ્રી, તાલ ચર્ચરી).

દિવસ ઉગતે ગવાય છે.

આ પોષ મહ્યાને નોમે [1]શ્રીનાથજી,
અં[2]ક્કાજી [3]ઉર ઉપન્યો આનંદ;
આ ચંદ શ્રીવૃંદાવનતણો પ્રકટિયો. ૧
સૌભાગ્ય સુંદરી મલી [4]ધવલ ગાયે, સુહાયે રૂડા કંઠસું નાદ;
[5]આહ્લાદ ઉપન્યો તે [6]અંગોઅંગ ઘણો. ૨
[7]સૂતિકાસદન સુહામણું, શોભા રૂડી લેહેરડે જાયે;
આ [8]વાજીંત્ર વાજે [9]તે સમેતણાં. ૩
[10]સર્વસ્વદાન તેણે સમે, કરેરે શ્રીવલ્લભજી ઉદાર;
[11]સુકુમાર [12]સુત [13]ઉદયો [14]શ્રવણે સુણી. ૪
પાતાલે શેષનાગ રીઝિયા, ઉપર ઇંદ્રાદિક દેવ;
તત્ક્ષણ સુણિ નિશાન વજડાવિયાં. ૫
સિદ્ધ ગાંધર્વ *ગુણી અપ્સરા, [15]ઉલટયા તે [16]નૃત્ય ને [17]નાદ;

૧ જેમના પ્રત્યક્ષ દર્શન થાય છે તે. ૨ શ્રીરુકમણી ઉ પદ્માવતીજી તેમના નાથ, પતિ શ્રીત્રિભુવનનાથજી. ૩ માતાજી શ્રીમહાલક્ષ્મીજીના હૃદય વિષે. ૪ ધોળ, બધાઇ. ૫ આનંદ. ૬ રોમાંચ, રૂંવાડે રૂંવાડે. ૭ સુવાવડનું ઘર. ૮–૯ જન્મ સમયે અલૌકિક વાજાં વાગવા લાગ્યા. ૧૦ પોતાની પાસે જે હતું તે બધાનું દાન, કારણ કે પોતાનું નામ શ્રીવલ્લભ એટલે શ્રીલક્ષ્મીજીને પ્રિય છે અને વળી તેમના પતિ છે એટલે ગમે તેટલું દાન કરવામાં કોઇ પ્રકારની ન્યૂનતા આવે જ નહિ. ૧૧ અત્યંત કોમળ. ૧૨ પુત્ર. ૧૩ પ્રકટયા. ૧૪ કાને સાંભળીને. *ટોળેટોળાં, ૧૫ હર્ષ પામ્યાં અને ઉતાવળાં આવ્યાં. ૧૬ નાચ. ૧૭ વાજાં.

[1]આહ્‌લાદ ભર્યાં શ્રીવલ્લભજીયે, [2]માનિયા, ૬
બ્રહ્મા મહાદેવ મુનિ હરખિયા, [3]વરખિયા [4]કુસુમસમૂહ;
આ મોહ ટાળ્યો જગતૂના જીવનો. ૭
[5]નિગમસામ શાખા [6]સહસ્ત્રસું, કરે રે [7]ભલા [8]નિર્ઘોષ;
આ [9]ઘોષપતિ ભગવદી ભેટતાં. ૮
[10]વેદવિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુપેરે ગૌદાન;
આ માનસું સ્વજન સંતોષિયાં. ૯
[11]કનકકચોળાં [12]કુમકુમ ભર્યાં, [13]અક્ષત દૂર્વા ભર્યારે સુથાળ;
આ [14]માલ [15]પારિજાતની [16]મહમહે. ૧૦
[17]તોરણ [18]પરણ સહકારના, [19]ધરણિયે [20]ચંદનતણાં નીર;
[21]વીર શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રકટિયા. ૧૧
[22]દધિ દુધ [23]ઘૃત [24]મધુ માંડવે, સેરિયે વહે રે સુગંધ;
સુગંધે મોહ્યા [25]અલિકુલ આવિયા. ૧૨
સુત [26]માગધ સાધુ સર્વે મળ્યા, મળિયા તે માંહોમાંહ;
ઉત્સાહ ભર્યા કો કોને જાણે નહીં. ૧૩

---

૧ આનંદ. ૨ સત્કાર કર્યો. ૩ વૃષ્ટિ કરી. ૪ પુષ્પ, ફુલ. ૫ સામવેદ. ૬ હજાર. ૭ સુંદર. ૮ ગાન, ધ્વનિ. ૯ વ્રજપતિ શ્રીવિઠ્ઠલનાથજી. “ ઘોષપતિ ભાગ્યવંત (ભગવંત) ભેટતાં ” એવો પણ પાઠ છે. ૧૦ વેદને અનુસરીને સઘળી ક્રિયા. ૧૧ સોનાના કટોરા. ૧૨ કંકુ. ૧૩ પીળા ચોખા. ૧૪ માળાઓ. ૧૫ હારસિંગારના ફુલની. ૧૬ સુગંધથી બ્હેકી રહે છે. ૧૭ પાંદડાં. ૧૮ આંબાના. ૧૯ પૃથ્વી ઉપર. ૨૦ ચંદનના પાણીનો છંટકાવ. ૨૧ ભાઈ. ૨૨ દહીં. ૨૩ ઘી. ૨૪ મધ તથા સાકર. ૨૫ ભગવદીયરૂપી ભમરાઓ. ૨૬ બંદીજન–ભાટચારણ.

શુકદેવ સબલ[1] આનંદિયા, વંદિયા શ્રીવલ્લભજીનાં ચરણ;
ગિરિધરણ[2] શ્રીભાગવત મ્હારૂં નિરખશે. ૧૪

સકલ કલા કલિકાલમાં, કલ્પદ્રુમ[3] પ્રકટિયો આજ;
આ કાજ[4] મનવાંછિત પૂરવા. ૧૫

તૈલંગતિલક[5] ત્રિભુવનધણી, મણિ મરકત ઘનવાન[6];
સમાનરૂપે નિરખતાં કોયે નહી. ૧૬

ગણક[7] ગર્ગાદિક[8] આવિયા, ભાવિયા દિયે રે આશિષ;
જગદીશ શ્રીવલ્લભઘેર પ્રકટિયા. ૧૭

ધવલ[9] ધન્યાશ્રી ગાન જે કરે, ઉચ્ચરે[10] શ્રીવિઠ્ઠલજી અવતાર;
સારસ્વતલીલા તે જન લહે[11]. ૧૮

દાસનો દાસ જાય વારણે[12], બારણે રહ્યો રે ઉત્સવ જુવે;
કોઈ[13] એક ભગવદી તે સમે. ૧૯

इति श्रीगोपालदासजीकृत तृतीयाख्यान संपूर्ण.

आख्यान चोथुं.

(રાગ ભુપાલી, તાલ આડો ચોતાલો.)

પહોર દિવસ ચઢે ગવાય છે.

તે[14] પદ[15] વંદુ[16] શ્રીવલ્લભનંદજી[17], ત્રિભુવનમંગલ પરમાનંદજી;

---

૧ ભક્તિનું જેને બલ છે એવા શ્રીશુકદેવજી. ૨ શ્રીવિઠ્ઠલનાથજી. ૩ કલ્પવૃક્ષસમાન શ્રીવિઠ્ઠલનાથજી. ૪ મનોરથ. ૫ તૈલંગકુલમાં શ્રેષ્ઠ. ૬ મેઘના જેવા રંગવાળા, શ્યામવર્ણું. ૭ જોષી. ૮ ગર્ગાચાર્ય વગેરે. ૯ ધોળ, આખ્યાન. ૧૦ ગાય. ૧૧ અનુભવ કરે. ૧૨ બલિહારી જાઉં. ૧૩ "કો કોન ભાગ્યવંત તે સમે" એવો પણ પાઠ છે. ૧૪-૧૫ જેના ચરણકમલની રજને શોધે છે. ૧૬ વંદન કરું છું. ૧૭ શ્રીવિઠ્ઠલનાથજી.

સકલજીવનો ટાળ્યો[1] દ્વંદ્વજી, જગમાં[2] વ્યાપ્યો મુખમકરંદજી[3].

ઢાળ.

સુખદ[4] વંદુ શ્રીવલ્લભસુતના, પદાંબુજ[5] સુકુમાર[6];
નિગમરહસ્ય[7] વિચાર કીધો, સકલજન[8] નિસ્તાર. ૧
બ્રહ્મકુલ[9] હરિ અવતર્યા[10], તે ટાળવા ભૂમિભાર[11];
શ્રીનાથવિઠ્ઠલ નામ નિરુપમ, વૃંદાવન[12] શૃંગાર. ૨
એક રસના[13] કેમ કહું ગુણ, પ્રકટ વિવિધ[14] વિહાર[15];
નિત્ય લીલા નિત્ય નૂતન, શ્રુતિ[16] ન પામે પાર. ૩
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, પદ સારમાંહે સાર;
તત્ત્વમાંહે તત્ત્વ ત્રિભુવન, ભક્તનો આધાર. ૪
સર્વે અંગોઅંગ રસ ભર્યા રસ ભર્યાં લોચન[17] ચારુ[18];
ચલણવલણે[19] બોધ્યા[20], હૃદયભાવ અનેક પ્રકાર. ૫
મુખસુગંધે[21] મોહ્યા અલિ[22] સકલ, તે આવી કરે રે ગુંજાર;
સરસ[23] વચન ઉચ્ચાર[24]માત્રે સંશયનો પરિહાર[25]. ૬
નામવ્યાજે[26] પ્રકટ કીધો, મુક્તિશાસ્ત્ર[27]કાર;
ભુજદંડ[28] સ્પર્શે ભય હર્યા, એવા નાથ અમિત[29] ઉદાર. ૭

---

૧ સુખ દુઃખઃ દ્વૈતમતનું ખંડન કરી શુદ્ધાદ્વૈતનું સ્થાપન. ૨ જગત્‌માં. ૩ ભાષાદિક ગ્રંથ. ૪ અલૌકિક સુખ. ૫ ચરણકમલ. ૬ અતિકોમલ. ૭ વેદનું રહસ્ય એટલે ભક્તિ. ૮ પોતાના જનને ઉદ્ધાર. ૯ બ્રાહ્મણકુલ. ૧૦ શ્રીવિઠ્ઠલનાથજી. ૧૧ પૃથ્વી ઉપરનો પાખંડરૂપી ભાર. ૧૨ વૃંદાવનના આભૂષણરૂપ. ૧૩ જીભ. ૧૪ અનેક પ્રકારનો. ૧૫ રાસક્રીડાદિક ૧૬ વેદ. ૧૭ નેત્ર. ૧૮ સુંદર. ૧૯ નેત્રોના હાલવા ચાલવાથી. ૨૦ દર્શાવ્યા. ૨૧ અમૃતરસના (વચનામૃત) પાનથી. ૨૨ ભમરારૂપી ભક્ત. ૨૩ ભક્તિરસસહિત. ૨૪ શ્રુતિ અને વેદના પ્રમાણથી. ૨૫ દૂર કરે છે. ૨૬ પ્રભુનું નામ લેવાથી, ૧મષથી, ૨૭ અજ્ઞાનાદિક મટાડવાનો ઉપાય. ૨૮ શ્રીહસ્ત, ૨૯ પરમ, અપાર.

સ્વસ્વરૂપ[૧] અર્થે પ્રોજિયા[૨], કૃતહુતા[૩] જે સંસાર;
રાજકાજે[૪] જોડિયા જન, ઉચ્ચાવચ[૫] નરનાર. ૮
આગે[૬] તે અંશે[૭] પ્રકટિયા તે, ગ્રંથ[૮] કહ્યા બહુવાર;
શ્રીયશોદા[૯] ઉત્સંગ લાલિત, પૂરણ[૧૦] અતિસુકુમાર. ૯
અનેક ધર્મ કહ્યા પ્રભુજીયે, નિગમને અનુસાર;
ગિરિરાજધરનો[૧૧] તાપ ટાળ્યો, શ્રીલક્ષ્મણસુત[૧૨] નિરધાર[૧૩]. ૧૦
પોતે[૧૪] તે પ્રાકટ્ય પોતાતણો, રસતણો કર્યોરે ઉચ્ચાર;
પોતે તે અંગોઅંગ સુખદ[૧૫] શોભા, સદન[૧૬] અંગીકાર. ૧૧
સ્કંધસંખ્યાએ[૧૭] કહ્યાં પદ[૧૮], શ્રીભાગવત રસરાજ;
ભક્તજનપદરજ[૧૯] પ્રતાપે, સકલ સરીયાં કાજ. ૧૨

इति श्रीगोपालदासजीकृत चतुर्थाख्यान संपूर्ण.

आख्यान पांचमुं.

(રાગ સામેરી, તાલ પ્રથમની તુકો આડા ચોતાલામાં અને પાછળની તુકો દીપચંદીમાં).

સંધ્યા પછી ગવાય છે.

શ્રીવિઠ્ઠલ સુખકારી, નામે[૨૦] નિષ્પાપ[૨૧] થાય નરનારી;

---

૧ પોતાનું સ્વરૂપ; સ્વરૂપસેવા. ૨ પ્રેરણા કરી, બોધ કર્યો. ૩ અહંતા-મમતાવાળા જીવો. ૪ પોતાનાં કાર્યો કરવામાં. ૫ ઉચ્ચનીચ. ૬ પ્રથમ. ૭ અંશાવતાર. ૮ વેદશાસ્ત્રપુરાણાદિક. ૯ શ્રીયશોદાજીના ખોળામાં ખેલવાવાળા. ૧૦ શ્રીપૂર્ણપુરુષોત્તમ. ૧૧ શ્રીપુરુષોત્તમ. ૧૨ શ્રીવલ્લભાચાર્યજી. ૧૩ નિશ્ચય. ૧૪ એ જ પ્રભુએ (શ્રીવલ્લભાચાર્યજી) પોતાના પુત્રરૂપે. ૧૫ બ્રહ્માનંદ અને ભજનાનંદ. ૧૬ ગૃહસ્થાશ્રમ. ૧૭ શ્રીભાગવતના સ્કંધ બાર અને એકેક પદમાં એકેક સ્કંધનો સાર. ૧૮ તુક, ચરણ. ૧૯ ભાયલા કોઠારી વગેરેના ચરણની રેણુના પ્રતાપથી. ૨૦ નામસ્મરણથી. ૨૧ પાપરહિત.

દુર્ગતિ સકલ નિવારી, પ્રકટયા શ્રીવ્રજપતિ[1] રાસવિહારી. ૧

માયિકમત[2] જેણે ખંડયો, ભક્તિમાર્ગ જેને બહુપેરે મંડયો[3];

ઉત્પથજન[4] સર્વે દંડયો[5], મૂરખ[*] હેતુ કુશબ્દ વિતંડયો. ૨

વદન[6] સુધાકર[7] જોતિ[8], વચન[9] રસિકરસ રાસ ઉદ્યોતિ[10];

નવજલઘનવપુ[11] પોતે, સરસ સુધારસ કીધા પ્રભુ હો તે. ૩

ભક્તિપક્ષ દઢ કીધો, વચનસુધારસ[12] જન શ્રુતિ[13] પીધો;

અર્થ સકલ જેનો સીધો, તે લીલામાંહે તાણીને[14] લીધો. ૪

વલણ.

જે લીલામાંહે અંગીકાર કરિયોરે, તેનો સકલતાપ નિસ્તરીયો;

જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારેરે, તેને પ્રકટ પદારથ ચારે[×]. ૫

ઉપરાંત ભજનફલ[15] આપે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે[16];

તેને દેવ મુનિ સર્વે ગાયે, તે સર્વ ઉપરાંત સુહાયે[17]. ૬

તેહને કાલ[18] કર્મ[19] નવ[20] બાંધે, જમ[21] તે શિર ધનુષ ન સાંધે;

---

૧ શ્રીકૃષ્ણચંદ્ર. ૨ માયાવાદીનું :મત (પ્રભુ તથા જગત્ જુદું છે, જગત્ અસત્ય છે અને માયાવડે જ આવું દેખાય છે). ૩ સ્થાપન કર્યો. ૪ વેદવિરુદ્ધ રસ્તે ચાલનારાઓ. ૫ શિક્ષા આપી. * વિતંડાવાદીઓ; મૂર્ખપણું ઉપજાવનાર ખરાબ શબ્દ. ૬ શ્રીમુખ. ૭ વચનામૃત રસ, ચંદ્ર. ૮ પ્રકાશથી. ૯ શ્રીમુખનાં વચનામૃત. ૧૦ નિકળે છે. ૧૧ પોતાનું શ્રીઅંગ નવીન મેઘના જેવું શ્યામ. ૧૨ શ્રીમુખના વચનરૂપી અમૃત. ૧૩ કાન. ૧૪ અંગીકાર કર્યો. × ધર્મ, અર્થ, કામ, મોક્ષ. ૧૫ સેવા. ૧૬ રાખે. ૧૭ શોભે છે. ૧૮ તાવ વગેરે, બાલપણુ કે ઘડપણ. ૧૯ પ્રારબ્ધના પાપપુણ્ય. ૨૦ બાધા કરે નહિ. ૨૧ યમરાજાનું જોર તેનાપર ચાલી શકતું નથી.

એવો મારગ શ્રીવલ્લભવરનો, જ્યાંહાં નહી પ્રવેશ વિધિ[૧]હર[૨]નો. ૭
જ્યાંહાં[૩] નિત્ય રાસ બહુપેરે, મધ્ય[૪]નાયક નૃત્યત[૫] ઘેરે[૬];
જ્યાંહાં રત્નજડિત તટ સરિતા[૭] નવપલ્લવ[૮] ભૂમિ હરિતા[૯]. ૮
જ્યાંહાં ધાતુ રત્ન ગિરિરાજે, વાજીંત્ર વિવિધપેરેં વાજે;
જ્યાંહાં યુવતિયૂથ[૧૦] બહુ માંહે, શ્રીજી[૧૧] શ્યામલવર્ણ સુહાયે. ૯.
એણીપેરે શ્રીગુસાંઇજીને જાણો, જાણી અહર્નિશ ગાઇ વખાણો;
જે જીવ જાત હોય કોઇ, તેને તત્ક્ષણ સર્વે સુખ હોઇ. ૧૦
સેવકજન[૧૨] દાસ તમારો, તેનો રૂપવિયોગ[૧૩] નિવારો[૧૪]. ૧૧

इति श्रीगोपालदासजीकृत पंचमाख्यान संपूर्ण.

आख्यान छठ्ठं.

(રાગ પરજ, ત્રિતાલ અથવા દીપચંદી.)

રાતના બે વાગતે ગવાય છે.

સગુણ[૧૫] સ્નેહી શામળા[૧૬] વહાલા[૧૭], અહર્નિશ[૧૮] દર્શન આપોજી;
પરમસુખ[૧૯] દેવાને કાજે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપોજી. ૧
શ્રીવલ્લભ[૨૦]કુંવર કોડામણા[૨૧], તમારૂં નામ નિરંતર લીજેજી;

---

૧ બ્રહ્મા. ૨ શિવ. ૩ વ્યાપિવૈકુંઠ ૪ બે ગોપીની વચ્ચે એક શ્રીઠાકુરજી ૫ નૃત્ય કરે છે. ૬ ઘેરીને. ૭ શ્રીયમુનાજી. ૮ લીલી હરીયાળી. ૯ લીલા રંગની. ૧૦ ગોપીજનનો સમૂહ. ૧૧ શ્રીઠાકુરજી તે જ શ્રીવિઠ્ઠલનાથજી. ૧૨ ગોપાલદાસ. ૧૩ મૂલ સ્વરૂપનો વિરહ. ૧૪ મિટાવો. ૧૫ ઐશ્વર્યઆદિ ૭ ગુણ, અલૌકિક ગુણ. ૧૬ શ્યામવર્ણવાળા. ૧૭ પ્યારા. ૧૮ રાતદિવસ. ૧૯ અલૌકિક સુખ. ૨૦ શ્રીવિઠ્ઠલનાથજી. ૨૧ ઇચ્છા પૂર્ણ કરનાર.

રૂપસુધારસ[1] માધુરી તે, લોચન[2] ભરિ ભરિ પીજેજી. ૨
તે પદ[3] કયારે દેખિશું, જે ગોધનપુંઠે[4] ધાયેજી;
વ્રજસુંદરી[5] મુખસુખ પામીને, વારંવાર અઘાયેજી[6]. ૩
દિવસ સર્વે શ્યામા[7] મળી, રસરૂપ[8] તણો જશ ગાયેજી;
ગોપમંડલીમધ્ય[9] દેખીને, વારંવાર સુખ થાયેજી. ૪
વાસરનિર્વાહ[10] એમ કરે, સખી સાયંકાલે[11] પેખેજી[12].
અલક[13] મુખ ખુરરજ[14] લાગી તે, કમલભ્રમર[15] વિશેષેજી, ૫
ગોપબાલકમંડલી મધ્યે, રંગ[16] અનેક ઉપજાવેજી;
મત્તગજગતિ[17] મલપતા વહાલો, શ્રીગોકુલમાંહે આવેજી. ૬
લોચનભૃંગ[18] પીયે ઘણું તે, પ્રકટ મુખમકરંદજી[19];
કમલપત્રસી[20] આંખડી તે, જોઇજોઇ ટાલ્યા દ્વંદ્વજી[21]. ૭
જોતાં તૃપ્તિ ન ઉપજે પ્રભુ, અધરસુધારસ[22] પાયેજી;
ભુજલતા ભીડી[23] ભામિનીનો[24], દિવસતાપ બુઝાવેજી[25]. ૮

૧ સ્વરૂપની સુંદરતાના દર્શનરૂપી અમૃતમાં રહેલી મધુરતાનું અમોને પાન થાય. ૨ નેત્ર. ૩ જે આપનાં ચરણ ગાયોની પછવાડે દોડે છે તેના દર્શન. ૪ ગાયોની પછવાડે. ૫ "વનદેવી સુખ પામીને" એવો પણ પાઠ છે. ૬ તૃપ્ત થાય છે. ૭ ગોપીજન. ૮ પ્રભુ. ૯ સખાની મંડળી; ગોપબાલક. ૧૦ દિવસ. ૧૬ સાંજે. ૧૨ દર્શન કરે છે. ૧૩ વાંકા કેસ. ૧૪ ગાયની ખરીથી ઉડેલી રજ. ૧૫ શ્યામ કુટિલ કેસ હોવાથી જાણે કમલ (મુખ) ઉપર ભમરાઓ ફરતા હોય. ૧૬ અનેક પ્રકારના હાસ્યવિનોદ વડે આનંદ. ૧૭ મદોન્મત્ત હાથીની પેઠે ડોલતા, મંદ ચાલથી. ૧૮ આંખો રૂપી ભમરાઓ. ૧૯ શ્રીમુખકમલમાંથી જે મકરંદ (સુગંધ) પ્રકટ થાય છે તેનું પાન. ૨૧ સાંસારિક સુખ દુઃખ. ૨૨ અધરામૃતનું પાન. ૨૩ ગાઢ આલિંગન. ૨૪ શ્રીગોપીજન. ૨૫ શાંત કરે છે.

પૂરણ સુખ દઇ ગોષ્ઠમાં[૧] પ્રભુ, આઘેરા[૨] પાઉં ધારેજી;
જસોમતી લે ભાંમણા[૩] સુતને, નીરાંજન[૪] ઉતારેજી. ૯
વસ્ત્રાંચલ[૫] મુખરજ[૬] પોંછિને,[૭] હરિરૂપ સકલ નિહાળેજી;
ઉભી થાયે રોમાવલી[૮] કર,[૯] કોમલ અંગ સંભાળેજી. ૧૦
પેરે પેરે[૧૦] કરી વારણા[૧૧] સુતને, સદનમાં[૧૨] પધરાવેજી;
સુંદરી[૧૩] ગૃહકારજમિષે[૧૪] વળી,[૧૫] નિરખવાને આવેજી. ૧૧
ઉષ્ણોદક[૧૬] સોંઘા[૧૭] ભેળી હરિને, અંગ અંઘોળ[૧૮] કરાવેજી;
અંગવસ્ત્ર કરી સ્વચ્છવપુને,[૧૯] પાછે તેલ[૨૦] ચઢાવેજી. ૧૨
વિવિધવસન[૨૧] સુગંધ નીવી, ફૂલ અંબોડે[૨૨] ફાવેજી;
ઠણઠણતો[૨૩] વહાલા[૨૪] લાડકડો તે, ભોજનશાળાયે[૨૫] આવેજી. ૧૩
શ્રીરાધા અધરસુધા[૨૬] વિના પિયુને, બીજું કાંઇ નવ ભાવેજી;
પ્રાતઃ[૨૭] પધારે ને નિશાયે[૨૮] આવે, પ્રીત નવી ઉપજાવેજી. ૧૪
માતાનું મન રંજવા[૨૯] પ્રભુ, આરોગ્યા બહુ સ્વાદેજી;

---

૧ ગૌશાલામાં. ૨ નંદાલય તરફ. ૩ બલૈયાં ૪ દૃષ્ટિદોષ દૂર કરવા રાઇ તથા મીઠું માથેથી ઉતારે છે. "રાઇલુણ ઉતારેજી" એવો પણ પાઠ છે. ૫ સાડી અથવા વસ્ત્રનો છેડો. ૬ શ્રીમુખ ઉપર ચોટેલી રજ. ૭ લુછીને. ૮ રોમાંચ; રૂવાડાં. ૯ શ્રીહસ્ત. ૧૦ વારંવાર. ૧૧ બલૈયાં. ૧૨ ઘરમાં. ૧૩ વ્રજભક્ત. ૧૪ ઘરનાં કામકાજને બહાને. ૧૫ ફરીથી, પાછાં. ૧૬ ઉનું જળ. ૧૭ સુગંધીઓ. ૧૮ સ્નાન કરાવે છે. ૧૯ શ્રીઅંગને સ્વચ્છ કરીને. ૨૦ ફુલેલ સમર્પે છે. ૨૧ ઋતુ અનુસાર અનેક પ્રકારના અત્તરો, વસ્ત્રો તથા આભૂષણો પહેરાવે છે; "અનેક સુગંધ વસન ને ભૂષણ" એવો પણ પાઠ છે. ૨૨ ચોટીમાં ફુલ ગૂંથે છે. ૨૩ નૂપુરના ઠણઠણ અવાજથી, મંદમંદ લટકતી ચાલ. ૨૪ અત્યંતપ્રિય. ૨૫ ભોગ મંદિરમાં. ૨૬ અધરામૃત. ૨૭ સવારે વનમાં પધારે. ૨૮ સાંજે ઘેર આવે. ૨૯ ખુશી કરવા.

[1]સુગંધબીડી કર ધરીને, ઉઠયા નૂપુરને નાદજી. ૧૫
[2]સકલવ્રજમાં પોઢિયા વહાલો, વિવિધ[3]રસસુખદાનજી;
એ લીલા[4] મારે મન વસો તે, ભક્ત[5] માગે માન[6]જી.
શ્રીવિઠ્ઠલ[7] દ્વિજ[8]રૂપ તમારું, લીલા એણીપેરે ઝાઝી[9]જી;
[10]ઓળવે કેમ ચાલશે જે, પ્રીત અમસું બાઝી[11]જી. ૧૭

इति श्रीगोपालदासजकृत षष्ठाख्यान संपूर्ण.

आख्यान सातमुं.

(રાગ બિલાવલ, તાલ ચર્ચરી.)
સૂર્ય ઉગ્યા પહેલાં ગવાય છે.

આપ સેવા કરી શીખવે શ્રીહરિ[12],
ભક્તિપક્ષ[13] વૈભવ[14] સુદઢ[15] કીધો;
આપની લીલા તે વદન[16] પોતે કહી,
ઉચ્ચાર[17] આનંદ અધિક દીધો. ૧
વેદ[18]દધિમધ્ય નવનીત[19] જે ભજનરસ[20],
મથિત[21] માધુરી[22] જીવે[23] શ્રવણે[24] પીધો;

૧ શ્રીહસ્તમાં લઇને. ૨ આખા વ્રજમંડળમાં. ૩ અનેક પ્રકારના રસનું સુખથી દાન દેવાવાળા. ૪ નંદાલયની બાલલીલા. ૫ ગોપાલદાસજી. ૬ સન્માન. ૭ પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી (પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર); શ્રીગુસાંઇજી. ૮ ચંદ્ર; બ્રાહ્મણરૂપ. ૯ અનંત. ૧૦ ઉડાવી નાંખશો અગર ઓળવશો તો હમારી શી દશા થશે? ૧૧ પ્રીતની લગ્ની બહુ લાગી છે. ૧૨ શ્રીવિઠ્ઠલનાથજીએ. ૧૩ ભક્તિમાર્ગ. ૧૪ વિસ્તારપૂર્વક. ૧૫ અત્યંત દઢ. ૧૬ શ્રીમુખે. ૧૭ શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથો વાંચી સંભળાવી પોતાના ભક્તને આનંદ આપતા. ૧૮ વેદરૂપી દહિમાં. ૧૯ માંખણ. ૨૦ ભક્તિરસ. ૨૧ મથન કરવાથી. ૨૨ મિષ્ટતા. ૨૩ દૈવી જીવોએ. ૨૪ કાનદ્વારા કથા વાર્તા સાંભળીને ભક્તિરસનું પાન કર્યું.

તર્કમય[1] કર્મપથ સ્નેહરસહીન[2] જે,
  શ્વેત[3] જાણી વિમુખ[4] તાણી[5] લીધો. ૨
એ[6] ચરણ શરણ વિના લોક દશચાર[7]માં,
  કહોની કેનો કાંઇ અર્થ સીધો;
+શું કહું ચતુર થઈ થઇ અને વિસ્તરે,
  ભજે નહી તે પશુ વિષય ગીધો. ૩
બોલ વલ્લભસુવન[8] વિમલ[9] વાણી,
  જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી.* ૪
નંદનંદનરૂપે[10] રાસલીલા[11] કરી,
  પોતે ન ઉચ્ચરી છાની રાખી;
દિવસ એકાદની ઉત્તરાકુંવરપ્રતિ[12],
  વ્યાસનંદન[13] વિમલવદન[14] ભાખી[15]. ૫
બ્રહ્માદિ મહામુનિ અતિજ્ઞાન પારંગતા,
  તે મધુસિંધુની[16] કહિયે માંખી;
ન કોય હુવો ન હોય એ રૂપસમ[17],

---

૧ છાશરૂપી કર્મમાર્ગ. ૨ પ્રભુપ્રત્યે સ્નેહ વગરના. ૩ સફેત રંગ જાણી. ૪ વિમુખ જીવોએ. ૫ ગ્રહણ કર્યો. ૬ પ્રભુના. ૭ ચૌદ લોકમાં. +(ધિક્કાર બતાવીને) હવે હું વધારે શું કહું ? ચતુર પુરુષ થઇને પ્રભુની સેવા અને તેનું સ્મરણ વિસ્તારપૂર્વક કરતા નથી અને ગીધ પક્ષીની માફક માત્ર વિષયવાસનામાં રચ્યાપચ્યા રહે છે, " પશુ વિષય કીધો " એવો પણ પાઠ છે. ૮ શ્રીવિઠ્ઠલનાથજી. ૯ પવિત્ર વાણી. ૧૦ શ્રીકૃષ્ણાવતાર ધારણ કરીને. ૧૧ રાસક્રીડા. ૧૨ પરીક્ષિત રાજા પ્રત્યે. ૧૩ વેદ વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી. ૧૪ પવિત્ર મુખથી. ૧૫ કહી. ૧૬ ભક્તિરસના મધુરસમુદ્રની. ૧૭ શ્રીવિઠ્ઠલનાજી સમાન. * આ કડીમાં " જે ગૂઢરસ વેદ વાણી, તે પ્રકટ કીધી ભક્તહિત જાણી " એટલી વધારાની ટૂક વૈષ્ણવ ઠાકુરદાસના પુસ્તકમાં દૃષ્ટિગોચર થાય છે.

તેહના સકલ[1] નિજ નિગમ[2] સાખી. ૬
એ[3] પ્રભુ રસપુંજ[4] ભૂવચક્ર ભાગ્યહીન,
જીવ જેણે કણિકા[6] ન ચાખી;
તેને દેવ[7] ઉપર રહ્યા ધિક્કાર બોલે,
મંદમતિ કહી અને નિંદા દાખી. ૭
વિબુધ[8] વાંછે વાસ વસુમતી[9] ઉપરે,
શ્રીવલ્લભકુંવરની ટહેલ[10] કરવા;
ઘોષથી[11] વેગે[12] પાઉંધારિયા ગિરિભણી[13],
શ્રીગિરિરાજધરણ[14]નો તાપ[15] હરવા. ૮
ફુલ ફેંટે[16] ભર્યાં વસન[17] વાઘાતણા,
વિવિધ ભૂષણ[18] તે અંગ ધરવા;
તુરંગ[19] ચાલે વાયુવેગે[20] ઉતાવળો,
જાણે નૌકા[21] ચાલી સિંધુ[22] તરવા. ૯
દિવસ[23] એકાર્ધનો વિરહ તે યુગસમો[24],

---

૧ પોતાના બધા દૈવી જીવો. ૨ વેદ સાક્ષી. ૩ શ્રીગુસાંઈજી. ૪ રસનો સમૂહ, અખંડ આનંદાત્મક તથા રસમય સ્વરૂપવાળા. ૫ ભૂમિપર, ૬ લેશમાત્ર સ્વરૂપાનંદનો અનુભવ ન કર્યો તે. ૭ સ્વર્ગમાંથી દેવતાઓ. ૮ દેવતાઓ સ્વર્ગમાં જેનો વાસ છે તે. ૯ ભૂતલપર. ૧૦ સેવા, પરચારગી. ૧૧ શ્રીગોકુલથી. ૧૨ ઉતાવળા. ૧૩ શ્રીગિરિરાજ. ૧૪ શ્રીગોવર્દ્ધનનાથજી. ૧૫ આરતિ. ૧૬ ઝોળીમાં. ૧૭ વાઘાને માટે વસ્ત્રો. ૧૮ અનેક પ્રકારના આભૂષણો. ૧૯ ઘોડો. ૨૦ પવનવેગે. ૨૧ હોડી. ૨૨ સમુદ્ર. ૨૩ અર્ધા દિવસનો. ૨૪ યુગસમાન.

નિરાંજન[1]મિષે રૂપ હૃદય ધરવા;
જીવને[2] એ કૃત્ય નિત્યપ્રતિ ક્ષણુક્ષણુ,
શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા[4]. ૧૦

રૂપ[5] બેઉ એક તે ભિન્ન થઇ[6] વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજનસાર[7];
વિવિધ વચનાવલી[8] નયનસેને[9] મિલિ,
સંજ્ઞા[10] સૂચવે નિશવિહાર[11]. ૧૧

વિવિધમુક્તાવલી[12] પાટસૂત્રે[13]કરી,
ગલસરી[14] શોભિતા કરે શૃંગાર;
વિવિધ કુસુમાવલી[15] ગ્રથિત હાથે[16] કરી,
એકએકને[17] કંઠે આરોપે[18] હાર. ૧૨

વિવિધ[19] મેવા ભોગ મધુર મિષ્ટાન્ન[20] રસ[21],
ધસમસ્યા[22] અર્પે તે બહુ પ્રકાર;

---

૧ આરતિના મિષથી. ૨ દૈવી જીવનું. ૩ કાર્ય. ૪ સ્મરણુ કરવું. ૫ બન્ને સ્વરૂપ એક જ છે. ૬ જુદાં સ્વરૂપ ધારણુ કરીને વિવિધ લીલાઓનો વિસ્તાર કરે છે. ૭ સેવા અને નામસ્મરણુનો સાર. ૮ નાના પ્રકારનાં રસબોધક વચનામૃત. ૯ નેત્રના કટાક્ષવડે. ૧૦ સમસ્યા. ૧૧ રાત્રિની ક્રીડાઓ. ૧૨ અનેક પ્રકારની મોતીની માળાઓ. ૧૩ રેશમની દોરીમાં પરોવેલી માળાઓ. ૧૬ શ્રીહસ્તે ગુંથેલા. ૧૭ પરસ્પર એક બીજાને. ૧૮ ધરાવે છે. ૧૯ અનેક પ્રકારનો લીલો સૂકો મેવો. ૨૦ બાલભોગની સામગ્રી. ૨૧ કેરી, શેરડી વિગેરેનો રસ. ૨૨ સુગંધીદાર સામગ્રીની બહેક ઉડી રહે છે.

વિવિધ બીડા સુગંધ કર્પૂર એલચી,
લવંગ પૂગી અને ખેરસાર[૨]. ૧૩
વ્યજન[૩] શીતલ વાયુ મુકુર[૪] કરકમલ[૫] ધરિ,
દેખાડતાં મોહે[૬] સકલ સંસાર;
એ અહર્નિશ[૭] ધ્યાન શ્રીવિઠ્ઠલાધીશનું[૮],
સકલ કલિમલ[૯] દુરિતકોટિ ક્ષાલે[૧૦]. ૧૪
એ પ્રભુ[૧૧] ભુવિ[૧૨] પ્રકટે વિપ્રવર[૧૩] તનુ ધરી,
દીઠડે[૧૪] ત્રિભુવનતણાં[૧૫] ચિત્ત ચાલે;
હાવભાવાદિક[૧૬] કોટિકોટિક કરે,
મદન[૧૭] જ્વર વ્યથા તે વેગે[૧૮] ટાલે. ૧૫
જાલરંધ્રે[૧૯] સખી જાણે ચિત્રે[૨૦] લખી,
વાંછિતા[૨૧] નાથની છબિ નિહાળે;
કમલ[૨૨] ખંજન[૨૩] મીન[૨૪] મધુપ[૨૫] જ્યાં ત્યાં થકી[૨૬],

૧ સોપારી. ૨ કાથો. ૩ પંખાઓ ઢોળાય છે. ૪ દર્પણ. ૫ શ્રીહસ્તે ધરી. ૬ આખા વિશ્વને મોહ પમાડે છે. ૭ રાત્રિદિવસ. ૮ શ્રીગુસાંઈજીનું. ૯ કલિકાલના કોટિ પાપ નાશ થઇ જાય છે. ૧૦ "ક્ષાર" એવો પણ પાઠ છે. એનો અર્થ સર્વ પાપને ધોઇને બુદ્ધિને નિર્મલ કરે છે. ૧૧ આવા પ્રભુ ૧૨ ભૂતલ ઉપર. ૧૩ બ્રાહ્મણદેહ ધારણ કરીને (શ્રીવિઠ્ઠલનાથજીને સ્વરૂપે) પ્રકટ થયા (સાક્ષાત્ પધાર્યા). ૧૪ દર્શનમાત્રથી. ૧૫ ત્રિભુવન ચલાયમાન થઇ જાય છે. ૧૬ કામચેષ્ટાઓ અનેક પ્રકારની કરવાથી. ૧૭ કામજ્વરથી થતી પીડા. ૧૮ તરત શાંત થઇ જાય છે. ૧૯ જાળીનાં છિદ્રોમાંથી. ૨૦ દર્શનથી મૂર્છાગત થાય છે, સ્તબ્ધ થાય છે. ૨૧ મનને ભાવતા પતિ–પ્રભુ. ૨૨ શ્યામ અથવા લાલ કમળ. ૨૩ એક જાતનું અતિચંચળ પક્ષી. ૨૪ મચ્છ. ૨૫ ભ્રમર. ૨૬ જ્યાં ત્યાંથી.

વક્રલોચન[૧] પ્રાંત[૨] પાછાં[૩] વાળે, ૧૬
દાસનો દાસ ભણે સકલ સજ્જન સુણે,
શ્રીવિઠ્ઠલ[૪] આપનું બિરદ[૫] પાળે. ૧૭

इति श्रीगोपालदासजीकृत सप्तमाख्यान संपूर्ण.

आख्यान आठमुं.

(રાગ ધનાશ્રી, તાલ આડાચોતાલો.)
પહોર દિવસ ચઢે ગવાય છે.

લલિત[૬] મનોહર, શ્રીવલ્લભ[૭]સુવન સુજાણ[૮],
નખશિખ[૯]સુંદર, વ્રજજનજીવનપ્રાણ. ૧
વદનકાંતિ[૧૦] જાણે, ઉદયા કોટિક[૧૧] ભાણ[૧૨],
દ્વિજકુલમંડન[૧૩], પ્રકટયા પુરુષ[૧૪] પ્રમાણ. ૨
નામનિરુપમ[૧૫], ઉચ્ચરે[*] સકલ કલ્યાણ,
તેના સાખી[૧૬] ચારે વેદ પુરાણ. ૩
અસુર[૧૭] હણેવા[૧૮], બ્રહ્મવાદ[૧૯] કરી વખાણ,

૧ વાંકી દૃષ્ટિ. ૨ કટાક્ષ. ૩ પાછાં ફેરવે છે. ૪ શ્રીઠાકુરજી. ૫ પ્રતિજ્ઞા. ૬ સુંદર. ૭ પુત્ર શ્રીગુસાંઈજી. ૮ ચતુરશિરોમણિ; વેદશાસ્ત્રપુરાણાદિ સર્વમાં નિપુણ. ૯ ચરણારવિંદના નખથી તે શિખા સુધી. " નિરખો ને સુંદરી વ્રજના જીવણપ્રાણ " એવો પણ પાઠ છે. ૧૦ શ્રીમુખનું તેજ; શ્રીમુખમાંથી વચનામૃતરૂપી કાંતિ તે માયાવાદરૂપી અંધકારનો નાશ કરે છે. ૧૧ કરોડો. ૧૨ સૂર્ય. ૧૩ બ્રાહ્મણ તૈલંગકુલના આભરણરૂપ. ૧૪ વેદ જેમને ઉત્તમ પુરુષ તરીકે જ નિરૂપણ કરે છે એવા જે શ્રીપુરુષોત્તમ. "પુરાણ" એવો પણ પાઠ છે. ૧૫ ઉપમા આપી ન શકાય એવું આપનું નામ. *જેનું નામસ્મરણ કરવાથી સર્વનું કલ્યાણ થાય છે. ૧૬ સાક્ષી. ૧૭ માયાવાદી. ૧૮ નાશ કરવા ૧૯ શુદ્ધાદ્વૈત. "કરપાણ" એવો પણ પાઠ છે. એના અર્થ ખડગ થાય છે

ભક્તિ કરે સૌ વાજંતે[1] રે નિશાણ. ૪

વૈષ્ણવજનને, આપે પદ[2] નિર્વાણ,

મારગ[3] મુકતો, કોય ન માગે દાણ. ૫

ચરણચાખડી[4], વંદે[5] રાજારાણ[6],

સરસ[7] થયા જે, હતા પ્રેત[8] પાષાણ[9]. ૬

હતિતપતિતનું[10], જુવો તમે પ્રકટ[11] એંધાણ[12],

શેષ[13] સહસ્રમુખ[14], ઉચ્ચરે[15] જેહેનાં વખાણ[16]. ૭

ચૌદ લોકમાં, વરતે[17] જેહની આણ[18],

ત્રાસ[19] તિમિરનું જાણે[20] સકલ વિહાણ[21]. ૮

અધર્મ સકલનું, પેરેપેરે[22] કીધું વિત્રાણ[23],

ધર્મ સકલનું પ્રભુજીયે કીધું ત્રાણ[24]. ૯

સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ[25] અજાણ[26];

નિર્ભય[27] કીધા, શિરપર[28]ધરી નિજપાણ[29]. ૧૦

---

૧ વાજતે ગાજતે ભક્તિ કરવા માંડી. ૨ મોક્ષ પદનું દાન; નિત્યલીલાસ્થલ. ૩ ભક્તિમાર્ગ સર્વ પ્રતિબંધનથી રહિત; કોઇનો કર લાગતો જ નથી, સ્વતંત્ર છે. ૪ પાદુકાજી. ૫ નમન કરે છે. ૬ રાજાના રાજા, ચક્રવર્તી, "રાણો રાણ" એવો પણ પાઠ છે. ૭ ભક્તિરસવાળા થયા. ૮ ભૂત. ૯ પથ્થર. ૧૦ આ નામના પ્રેતો. ૧૧ પ્રત્યક્ષ. ૧૨ ચિન્હ. ૧૩ શેષજી. ૧૪ હજાર મુખે એટલે બે હજાર જીભથી. ૧૫ કહે છે. ૧૬ સ્તુતિ. ૧૭ ફરે છે. ૧૮ દુહાઇ. ૧૯ જમરાજા વગેરેનો ભય તથા (માયાવાદરૂપી) અંધકારનો. ૨૦ માનો. ૨૧ નાશ. ૨૨ ધીમે ધીમે, અનેક પ્રકારથી. ૨૩ નાશ કર્યો. ૨૪ રક્ષા કરી. ૨૫ બહિર્મુખ. ૨૬ અજ્ઞાની. ૨૭ અભયદાન કર્યું. ૨૮ માથા ઉપર મુકી. ૨૯ પોતાનો શ્રીહસ્ત.

નિગમ[૧] તત્વરસ, યશભર્યા અમૃત સંધાન[૨],
રૂપસુંદરતા[૩], શું કહું નહી એ સમાન. ૧૧
કૃપા કરી હરી, રાખી બહુવિધિ[૪] કાન[૫],
સેવકજનને[૬] રાખી લ્યો એહ લાણુ[૭]. ૧૨

ઢાળ.

એવા તે ગુણનિધિ[૮] નાથ ગાતાં, બ્રહ્મહત્યાદિક અઘ[૯] ટળે,
લીલા તે લહરીસિંધુ[૧૦] ઝીલે, રાસરસિકને[૧૧] જઇ મળે. ૧૩
નિઃસાધનજનહિતકરેવા[૧૨], શ્રીનાથવિઠ્ઠલ આવીયા,
વ્રજમાં તે હીંડે મલપંતા[૧૩] તે, વ્રજસખીમન[૧૪] ભાવીયા. ૧૪
કમલનેણે[૧૫] ને અમૃતવેણે[૧૬], વાકયમાધુરી[૧૭] રેડતા,
વેદાધ્યયન[૧૮] મીષે[૧૯] ભુજચલણે[૨૦], કરી સોહે સૌને તેડતા[૨૧]. ૧૫
રંગે[૨૨] તે રંગ્યા રસભર્યા, પ્રભુ ઘોખમાં[૨૩] લીલા કરે,
અધિક અધિક પ્રતાપપૂરણ[૨૪], જસ દશોદિશ વિસ્તરે. ૧૬

---

૧ ભક્તિરસ. ૨ દર્શન કરાવે છે; અનુભવ કરાવે છે. ૩ આપના શ્રીઅંગની સુંદરતા. ૪ બહુ પ્રકારથી. ૫ બિરદ; ટેક. ૬ ભાઇલા કોઠારીનો દાસ ગોપાલદાસજીને. ૭ સુખનો લાભ. ૮ ઐશ્ર્વર્યાદિ અલૌકિક છ ગુણના ભંડાર એવા નાથ શ્રીવિઠ્ઠલનાથ. ૯ પાપ. ૧૦ સમુદ્રમાં મોજાઓ ઉઠે ને પાછા તેમાં સમાઇ જાય છે. ૧૧ પ્રભુના નામ તથા ગુણ ગાન રૂપી લહેર ઉઠે છે એટલે જીવ પ્રભુમય થઈ જાય છે. ૧૨ જ્ઞાનાદિસાધનરહિત એવા જે દૈવી જીવને અંગીકાર કરવાને. ૧૩ ગજગતિ ચાલથી. ૧૪ શ્રુતિરૂપા (વ્રજભક્ત)ના મનમાં ઘણો જ આનંદ થતો હતો. ૧૫ સુંદર કમળ જેવાં નેત્રોથી. ૧૬ મધુર વચનથી. ૧૭ શ્રીસુબોધિન્યાદિકરૂપી વચનામૃત ભક્તના કાનમાં રેડતા. ૧૮ વેદમંત્રોના ઉચ્ચાર કરતી વખતે. ૧૯ બહાનું. ૨૦ શ્રીહસ્તના હાલવા ચાલવાથી. ૨૧ વ્રજભકતોને બોલાવતા. ૨૨ શૃંગારરસ યુક્ત થઈને. ૨૩ શ્રીગોકુલમાં. ૨૪ પ્રભાવ.

ભાંતભાંત લીલા કરે પ્રભુ, સાત સ્વરૂપ સોહામણા,
એકએકપેં[1] અધિક શોભા, વ્રજસખી લે ભામણા. ૧૭
પેરેપેરે પરિવાર[2] સોહે, દેવ મોહે નિરખતાં,
ઉચ્છાહ આનંદ ઉલટયો તે, કુસુમ[3] વરખે હરખતાં. ૧૮
પ્રતિસદન[4] શોભા અતિઘણી, ભણી વેદવદને[5] ન જાય,
મકરંદમાતા[6] ભ્રમર ગુંજે, પક્ષીનાદ[7] સુહાય. ૧૯
અંતઃપુરલીલા[8] કરે સખી, સકલ જન સંતોષતા,
જાણે મત્તમાતંગ[9] છુટયા, નૂપુરને[10] નિરઘોષતા. ૨૦
હાર કંકણ કર્ણભૂષણ[11], નાદનાના[12] હીંડતાં,
ગાન ગાયે ને સૂર સુહાયે, શ્રીનવનીતપ્રિયાજીને પોઢતાં. ૨૧
સંધ્યાસમે શૃંગાર નૂતન, ફુલ ગુંથે સૌ મળી[13],
સદનશોભા[14] નિરખતાં તે, લક્ષ્મા[15] મન પામ્યા રળી[16]. ૨૨
વાસ વાંછે વ્રજ વસેવા[17], એણીપેરે સુખ પામવા,
શ્રીપુરુષોત્તમ ઉત્તમવરને[18], સમે[19] જોઇ શિર નામવા[20], ૨૩

૧ બલૈયા, ઓવારણા. ૨ અનેક પ્રકારનો પરિવાર, બાળક, બેટી, પુત્રવધુ પૌત્ર આદિ. ૩ ફુલની વૃષ્ટિ કરે. ૪ દરેક બાળકના ઘરની શોભા. ૫ બ્રહ્માજી આ વર્ણન કરી શકતા નથી; વેદનો અર્થ ચાર એવો થાય છે. ૬ સુગંધનું પાન કરવાથી મદોન્મત્ત થયેલા ભ્રમરા ગુંજાવર કરી રહ્યા છે. ૭ અનેક પ્રકારના પક્ષીઓના શબ્દ. ૮ ગૃહસ્થાશ્રમનો અંગીકાર. ૯ જાણે મદોન્મત્ત હાથીઓ છૂટયા. ૧૦ નુપૂરનો અવાજ. ૧૧ કર્ણફુલ: ૧૨ સુંદર સ્વર; અનેક પ્રકારના ધ્વની. ૧૩ સૌ વહુ બેટીયો મળી. ૧૪ અંતઃપુરની અલૌકિક શોભા. ૧૫ જે સદા વૈકુંઠમાં રહે છે તે. ૧૬ મનમાં હર્ષ થયો. ૧૭ વ્રજમાં રહેવાને. ૧૮ શ્રેષ્ઠપતિ. ૧૯ અધિકાર પ્રમાણે યોગ્ય સમે. ૨૦ દંડવત્ કરવા.

લીલાને અનુસાર કલરવ[1], કૂજતા[2] દ્વિજ[3] શોભીયા,
સ્વસ્વભાવ[4]ત્યાગી ધ્યાનરાગી[5], કોઇક ભાવે લોભીયા[6]. ૨૪
સહચરીરત્ન[7] સુકંઠનાદે[8], ગાન[9] સુજસ પ્રકાર,
રસિકજન[10] મન સહચરી મલી, કરે તે ઉચ્ચાર. ૨૫
એણીપેરે લીલા કરે, શ્રીવલ્લભરાજકુમાર[11],
ભક્તજનના[12] કોડ પુરો, આપો ચરણવિહાર[13]. ૨૬

इति श्रीगोपालदासजीकृत अष्टमाख्यान संपूर्ण.

आख्यान नवमुं.

(રાગ બિભાસ તાલ આડાચોતાલો.)

સવારમાં ગવાય છે.

નિત્યપ્રતિ[14] ક્ષણક્ષણ સમરિયે, શ્રીવલ્લભનો પરિવાર[15]રે રસના[16],
શ્રીપુરુષોત્તમ[17] પ્રકટિયા, જગત્[18] કરેવા ઉદ્ધાર રે રસના. ૧

---

૧ હંસ આદિ પક્ષી. ૨ શબ્દ કરે છે, ગાન કરે છે. ૩ પક્ષી, લીલાના જીવ. ૪ પોતાના જાતિ સ્વભાવનો ત્યાગ કરીને. ૫ ધ્યાનમાં આસક્ત થઇને. ૬ લુબ્ધ હોઇ જાય છે. ૭ જનાનામાં રહેનારી સહચરીઓમાં (વ્રજ સખીઓ) જે ઉત્તમ કંઠવાળી હોય છે તે. ૮ કોમળ કંઠે સુસ્વરથી ગાવું તે. ૯ શ્રીવલ્લભવંશના યશનું (વર્ણન કરે છે) ગાન કરે છે. ૧૦ ભગવદીયો ભગવદ્વાર્તા સાંભળવા આવ્યા હોય તેઓ ધોળને ઝીલે છે અને ગાવા માંડે છે. ૧૧ શ્રીગુસાંઈજી. ૧૨ મનોરથ. ૧૩ ગોપાલદાસ માગણી કરે છે જે આપના ચરણારવિંદરૂપ જે અક્ષરબ્રહ્મ અને તેમાં જે વિહાર એટલે આપની લીલાઓ આપ કરો છો તેમાં મારો અંગીકાર કરો એટલે નિત્યલીલામાં અંગીકાર કરો. ૧૪ નિત્ય, વારંવાર. ૧૫ કુટુંબનો, વંશનો. ૧૬ હે જીભ ! સ્મરણ કર. ૧૭ શ્રીવલ્લભાચાર્યજી. ૧૮ દૈવીજીવનો ઉદ્ધાર કરવાને.

કલિમાં[1] કારણ[2] એહ છે, બીજું સર્વે ભૂમિનો ભાર રે રસના,
એ વિના બીજું સર્વે બોડવું[3], ચૌદલોક શણગારરે રસના. ૨
શ્રીગોપીનાથજી[4] સોહામણા, મણિ મરકત ધનવાનરે રસના,
સુખદાતા લઘુભ્રાતના[5], પૂરણ[6]પુરુષ પ્રમાણરે[7] રસના. ૩
કમલલોચન[8] કરુણાભર્યા[9], શ્રીવિઠ્ઠલ સુખરાશરે[10] રસના,
દીઠડે તાપ[11] ત્રિવિધ ટલે, સ્મરણમાત્ર અઘનાશરે[12] રસના. ૪
શ્રીગિરિધર[13] નરભુષણ[14], ભ્રાત સકલ[15] ધુરિધાર[16] રે રસના,
વક્તા[17] વેદશાસ્ત્રતણા[18], શ્રીભામિનીજી ભરતાર[19] રે રસના. ૫
શ્રીગોવિંદ આનંદમય, ધર્મસકલનું[20] ધામરે[21] રસના,

---

૧ કલિયુગમાં. ૨ પ્રભુનું નામ સ્મરણ કરવું તેજ સાધન ને બડો ગુણ. ચારે યુગના ફળઃ—સત્યુગમાં ભગવાનનું ધ્યાન—ત્રૈતાયુગમાં યજ્ઞ કરવાથી, દ્વાપરમાં સેવા કરવાથી, કલિયુગમાં પ્રભુપ્રાપ્તિ તેમના નામનું માત્ર કીર્તન કરવાથી જ થાય છે એ વિષે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કેઃ—" **कलौकेशव कीर्तनात.**" ૩ માથા ઉપરથી કપાયેલા વાળ અપવિત્ર ગણાય છે તેવું, "બાદલું" એવો પણ પાઠ છે. ૪ શ્રીવલ્લભચાર્યજીના મ્હોટા પુત્ર શ્રીબળદેવજીનો અવતાર. ૫ નાના ભાઇ શ્રીગુસાંઇજી. ૬ સર્વ ગુણથી પરિપૂર્ણ સંકર્ષણ વ્યુહાત્મક સ્વરૂપ. ૭ સાક્ષાત વેદસ્વરૂપ. ૮ નેત્ર કમળ સરખાં. ૯ કરુણા-રસથી ભરપુર. ૧૦ સુખના સમૂહ રૂપ. ૧૧ દર્શન કરવાથી ત્રિવીધ તાપ એટલે આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિકના તાપને મટાડે છે. ૧૨ પાપ નાશ થાય છે. ૧૩ શ્રીગુસાંઇજીના જ્યેષ્ટ પુત્ર. ૧૪ અલૌકિક સૌંદર્યવાળા. ૧૫ ૭ ભાઇઓમાં મ્હોટા. ૧૬ ધુરંધર. ૧૭ ઉપદેશ કરવા વાળા. ૧૮ ચાર વેદ તથા ૭ શાસ્ત્રનો, (કાપિલાદિ સાંખ્ય, પાતંજલાદિ યોગ, કાણાદતર્ક, ગૌતમ ન્યાય, જૈમિનીયપૂર્વમીમાંસા, વ્યાસકૃત ઉત્તરમીમાંસા) "શાસ્તાવેદ શાસ્ત્રતણા" એવો પણ પાઠ છે. ૧૯ પતિ. ૨૦ શ્રીમહા-પ્રભુજીએ શ્રીગિરિધરજી સિવાય દરેક બાળકમાં, છએ બાળકમાં એકેક ગુણ પ્રગટ રાખ્યો છે. ૨૧ નિવાસસ્થાન.

શ્રીરાણી રંજન[૧] રૂડલા[૨], ભક્ત સકલ વિશ્રામરે રસના. ૬

શ્રીબાલકૃષ્ણજી બાલુવા, સુંદર ભીન[૩]લેવાન રે રસના,
કમલલોચન કમલાપતિ, છઆીકો નહી એ સમાનરે રસના. ૭

શ્રીગોકુલપતિ અતિગુણનિધિ, તાતતણો પ્રતિબિંબ[૪]રે રસના,
પાર્વતીપતિ પ્રેમસું, શોભા સકલ કુટુંબ રે રસના. ૮

શ્રીરઘુપતિ[૫] અતિગજગતિ[૬], રતિપતિ[૭], કરૂં બલિહારરે રસના,
જાનકીજીવન એ સદા, મધ્યમણિ[૮]રત્નમય હારરે રસના. ૯

જદુપતિ જીવનજગતના, સદા મન પ્રસન્ન હુલ્લાસરે રસના,
નાહ[૯] તે મહારાણી તણા, મુખમાધુરી[૧૦] વિલાસ રે રસના. ૧૦

---

૧ અત્યંત સુખ દેવાવાળા. ૨ સુંદર કોટિકંદર્પલાવણ્ય. ૩ શ્યામવર્ણ, ઘનસ્યામ. ૪ શ્રીગોકુલનાથજી સદ્‌ગુણ સંપન્ન અને શ્રીવલ્લભાચાર્યજી અથવા શ્રીવિઠ્ઠલનાથજીના પ્રતિનિધિ, બન્નેના પ્રતિબિંબ કહેવાનો ગૂઢાર્થ એ જ કે પુષ્ટિમાર્ગનું સ્થાપન કરવામાં તથા તેને દૃઢ કરવામાં જે શ્રમ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીને પડયો છે તેટલો જ શ્રમ જહાંગીર બાદશાહની વખતમાં આ માર્ગનું રક્ષણ કરવામાં શ્રીગોકુલનાથજીને લેવો પડયો છે, વિશેષ ખુલાસો "માળાપ્રસંગ" ના પુસ્તકમાં છે. ૫ શ્રીરઘુનાથજી શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ છે. શ્રીરામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમનું સ્વરૂપ હતા, તે પુષ્ટિ સ્વરૂપે શ્રીરઘુનાથજી પ્રકટયા છે, ને તુલસીદાસને શ્રીરામચંદ્રજી તથા શ્રીજાનકીજીને સ્વરૂપે દર્શન આપ્યા છે. શ્રીરઘુનાથજી સાક્ષાત્ શ્રીરામચંદ્રજીનું જ સ્વરૂપ છે તેથી પુષ્ટિમાર્ગમાં શ્રીરઘુનાથજીના ઘરમાં રામનવમીનો ઉત્સવ હજુ સુધી ઘણોજ મ્હોટો ગણાય છે. ૬ હાથીના જેવી ચાલ; ગજેંદ્રને મોક્ષ આપવાવાળા. ૭ એમના સૌન્દર્ય આગળ કામદેવને પણ હું વારી નાંખું છું. ૮ રત્નના હારની અંદર મધ્ય મણિની પેઠે સુંદર શોભે છે. ૯ નાથ. ૧૦ શ્રીઠાકોરજીના મુખરૂપ શ્રીવલ્લભાચાર્યજી, અને તેમણે પ્રકટ કરેલી માધુરી; જે ભાષ્યનિબંધ સુબોધિની આદિ ગ્રંથો. આ ગ્રંથોનું મનન કરવામાં જે સદા લીન રહે છે.

શ્રીઘનશ્યામજી સિંચે સુધા,[1] જીવન સકલ બ્રહ્માંડરે રસના,
નાહ તે કૃષ્ણાવતીતણા, લીલા નિત્ય અખંડ રે. રસના. ૧૧
લક્ષ્મી સત્યભામા બેહુ, અગ્રજની[2] અનુહાર[3] રે રસના,
શ્રીનવનીતપ્રિયાજીને રીઝવ્યા,સેવાવિવિધપ્રકારરે રસના.૧૨
શોભા યમુનાકમલાદેવકા, જેને સાતબંધુ સૌભાગ્યરે રસના,
એહના ચરણ સ્મરણ કરી,શ્રીવિઠ્ઠલપદરજરતિ[4]માગરે ર. ૧૩
પુત્રપૌત્રાદિક સુખ શું કહું, જો તું મુખમાં એક રે રસના,
શ્રીવિઠ્ઠલકલ્પદ્રુમફલ્યો, તેની શાખા પસરી અનેક રે ર. ૧૪

इति श्रीगोपालदासजीकृत नवमाख्यान संपूर्ण.

इति श्रीवल्लभाख्यान समाप्त.

---

૧ પોતાને ગ્રંથ વાંચવાનો ઘણોજ શોખ હતો તેથી જે વૈષ્ણવો ભગવદ્વાર્તા સાંભળવા આવતા તેમને કથામૃતનું સિંચન કરતા હતા. ૨ મ્હોટા ભાઈ શ્રીગોપીનાથજીના બેટીજી લક્ષ્મીજી તથા સત્યભામા. ૩ અલૌકિક સૌંદર્યનું સૂચન કરે છે. ૪ શ્રીવિઠ્ઠલનાથજીના ચરણારવિંદની રજમાં પ્રીતિકર.

॥ श्रीकृष्णाय नमः ॥

॥ अथ गोस्वामि श्रीद्वारकेशजीकृत ॥

मूलपुरुष प्रारंभः

(રાગ બિલાવલ. સબેરે ગાવેહે.)

મૂલપુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિઅવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્રી ગોત્ર ભારદ્વાજ, તૈલંગકુલ ઉદિત દ્વિજરાજ.

(છંદ-વલણ-ઢાળ.)

દ્વિજરાજતેં હરિ આય પ્રકટે, સોમ યજ્ઞ કિયો જબેં;
કુંડતે હરિ કહી બાનિ, જન્મ કુલ તુમ્હારેં અબેં,
ચકિત તતછિન ભયે સબજન, એસિઅબલોંન ભઇકબેં,
સુનતહી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યાં સબેં. ૧

(ચાલ પહેલી.)

તિનકે પુત્ર ભયે ગંગાધર, તિનકે ગણપતિ સુત વલ્લભવર;
શ્રીલક્ષ્મણ ભટ્ટ અનુભવ દેવ, શુદ્ધ સત્વ જયોં શ્રીવસુદેવ.

(છંદ-વલણ-ઢાળ.)

સત્વગુણ વિદ્યાપયોનિધિ, વિશદ કીરતિ પ્રકટઇ
ગામ કાંકરવારમેં રહિ, જાત સબ હરખિત ભઇ,
પરવપર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકોં સાથ લે,
સ્નાન દાન દિવાય દ્વિજકોં, ચલે કાશી પાંત લે. ૨

(ચાલ પહેલી.)

કછુદિન રહિકેં ચલેસબ દક્ષણ, આનંદિતતનુ શકુનસુલક્ષન,
ચંપારણ્ય મહીં જબ આયે, એલંમાગારૂ ગર્ભશ્રાવ જતાયે.

(છંદ-વલણ-ઢાળ.)

શ્રાવ જાનિકે ચલે તહાંતેં, નગર ચોંડા મેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દસો દિશામાંનું હસે,
ચેહેન હોયકે સુનિ ચલે કાશી, ફેરિ વહી બન આવહીં;
અગ્નિચોંધા મધ્ય બાલક, દેખિ સન્મુખ ધાવહીં. ૩

(ચાલ પહેલી.)

માર્ગદિયો જાની જિયમાતા, લીયે ઉછંગ મોહેદિયોહે બિધાતા
તાત સુનત દોરિ કંઠ લગાયે,તિહિછિન મંગલ હોત બધાયે.

(છંદ-વલણ-ઢાળ.)

મંગલ બધાયો હોત ત્રિહૂંપુર, દેવ દુંદભિ બાજહીં,
જોતસીકોં લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહીં,
ધન્ય સંવત પંદ્રહા, પેંતીસ માધવ માસ હેં,
કૃષ્ણએકાદશી શ્રીવલ્લભ, પ્રકટ વદન વિલાસહેં ૪

(ચાલ પહેલી.)

શ્રીવલ્લભ લે આયે કાશી, સુંદર રૂપ નયન સુખરાશિ;
સાત વરસ ઉપવિત ધરાએ, તબતેં વિદ્યા પઢન પઠાએ.

(છંદ-વલણ-ઢાળ.)

પઢે ચારોંવેદ અરૂ ખટ, શાસ્ત્ર મહિના ચારમેં;
તાતકોં અચરજ ભયો; યહ કોન રૂપ વિચારમેં;
નીંદ આઈ કહ્યો પ્રભુ, સંદેહ કયોં તુમ કરતહો;
પ્રથમ બાની ભઇ એસો, પ્રકટ જાનો અબ ભયો. ૫

(ચાલ પહેલી.)

જાગ પરિ કહ્યો પત્ની આગેં, યેહે પૂર્ણ બ્રહ્મ અનુરાગેં;
શ્રીમુખબચન કહે શ્રીવલ્લભ, માયામત ખંડન ભયે સુલ્લભ.

(છંદ-વલણ-ઢાળ.)

સુલ્લભતેં દક્ષણ ચલે, અગ્યારે વરષકો વપુ ધરેં;
દેખિ મામા હરખિ કેં, આદર કિયો આઓ ઘરેં;
વિદ્યાનગર કૃષ્ણદેવ રાજા, બહુત મતહીજહાં મિલે;
જીતવે કનકાભિષેકસુ પઢે, આવત ઈહાં પહિલે. ૬

(ચાલ પહેલી.)

રામાનુજ અરુ માધ્વાચારજ વિષ્ણુસ્વામિ નીમાવત હરિભજ
શંકરમે અનુસરત ઓર મતિ યુક્તિપ્રબલતેંઆજ સબલ અતિ

(છંદ-વલણ-ઢાળ.)

સબલ સુનિ આપુહિ પધારે, દ્વારપેં પહુચે જબેં
ભૃત્ય દોરી પ્રતાપ બરન્યો, રાય આયે ઈહાં અબેં;
રાય આયે પ્રનામ કીનો, સભામેં જુ પધારિયે;
સુનોહુ બિનતિ કૃપાસાગર, દુષ્ટમતહીબિ ડારિયે. ૭

(ચાલ પહેલી.)

ગજગતિચાલ ચલે શ્રીવલ્લભ ઈનકી કૃપા ભયેં સબ સુલ્લભ
રવિકે ઉદય કિરન જયોં બાઢે, તેસેં સભા પાંત ઉઠી ઠાડે.

(છંદ-વલણ-ઢાળ.)

ઠાડે સબ સ્તુતિ કરેં જબ, કિયો માયામત ખંડન;
શબ્દ જય જય હોત સબ મુખ, ભક્તિ પંથ ભુવ મંડન;
સ્તુતિ કરેં દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહીં;
પરમ મંગલ હોત હેં, કનકાભિષેક કરાવહીં. ૮

(ચાલ પહેલી.)

પાછેં જલસું નવ્હાય બિરાજે, બિનતી કરી રાયે મનસાજે
દ્રવ્ય સબ અંગીકૃત કરિયે, પ્રભુ બોલે યહ નાહી ગ્રહીયે.

(છંદ-વલણ-ઢાળ.)

ગ્રહિયે નાંહી સ્નાનજલવત, બાંટિ સબનકોં દીજિયે;
બાંટિ દિનો કરી બિનતી, મોહે શરનજુ લિજિયે;
કૃપા કરિકેં શરન લીનો, થાર ભરિ મોહરેં ધર્યો;
સપ્ત લેકે કહ્યો દૈવી, દ્રવ્ય અંગીકૃત કર્યો. ૯

(ચાલ પહેલી.)

વહાંતે પંઢરપુરજુ સિધારે, શ્રીવિઠ્ઠલનાથ મિલનકોં પધારે;
ભીમરથીકે પાર મિલે જબ દુહુતનમે આનંદ બઢયો તબ.

(છંદ-વલણ-ઢાળ.)

બઢયો આનંદ કરી બિનતી, આપકોં યહ શ્રમ ભયો;
કહી શ્રીવિઠ્ઠલનાથજીને, મિત્રતા પથ પ્રકટિયો;
ફેરિ શ્રીગોકુલ પધારે, નિરખિ જમુના હરખહીં;
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપારસ બરખહીં. ૧૦

(ચાલ પહેલી.)

એક સમે ચિંતા ચિત્ત આઇ, દૈવી કિહિબિધિ જાની જાઈ;
આસુરસોં સબ મિલિત સદાઇ, ભિન્ન હોય સો કોંન ઉપાઈ.

(છંદ-વલણ-ઢાળ.)

ભિન્નકોં જબ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહસમેં;
મધુર રૂપ અનંગ મોહીત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મકો સબંધ દૈવિ સૃષ્ટિકોં;
પંચદોષ ન રહે તાકો, નિવેદન કરો વૃષ્ટિસોં. ૧૧

(ચાલ પહેલી.)

બચનસુની હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞાતેં પરમ અતિસુલ્લભ
કંઠ પવિત્રાં લે પહેરાયે, મિશ્રી ભોગ ધરી મન ભાયે.

(છંદ-વલણ-ઢાળ.)

ભયો ભાયો ચિત્તકો તબ, પુષ્ટિપંથકોં અનુસરે;
શરન જે આએ નિરંતર, કાલ ભય તે ના ડરે;
પ્રકટ સબ લીલા દિખાવત, નંદનંદન જે કરિ;
અવનીપર પદ પદ્મ રાખિ, પરિક્રમા મિસ ઉરધરિ. ૧૨

(ચાલ પહેલી.)

ફેરિ પંઢરપુર જબ આએ, શ્રીવિઠ્ઠલનાથ કહી મનભાએ;
કરિ વિવાહ બહુરૂપ દિખાઓ, મેરો નામ સુવનકો ધરાઓ.

(છંદ-વલણ-ઢાળ.)

ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો;
મેં કહિ દ્વિજ આએ બિનતી, કરે ચરન સમોયગો.
આય વહાંતેં વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો;
નામ ધર્યો શ્રીમહાલક્ષ્મી, દેખિ જોરી દુઃખ ગયો. ૧૩

(ચાલ પહેલી.)

પરિક્રમા તીજિ ચિત્ત આઈ, નિકસ ચલે શ્રીવલ્લભરાઇ;
ઝાડખંડમેં પ્રભુને જતાઇ, અબકેં મોહીં મિલો મનભાઇ.

(છંદ-વલણ-ઢાળ.)

મિલેંગે હરિદાસપેં, જહાં તીન દમન કહાવહીં;
ઇંદ્ર નાગ અરુ દેવદમન, સો મેરો નામ જતાવહીં;
ફેરિકેં જબ વ્રજ પધારે, પાંચ સેવક સંગ હે;
સદુ હે આન્યોરમેં, તહાં દ્વારપેં ઠાડે રહે. ૧૪

(ચાલ પહેલી.)

સદુ કહી સ્વામી કછુ ખેહેં, મેવન કહિ સેવકકો લેહેં;
ઇતનેં પ્રભુ ગિરિઉપર બોલે, લાઇ નરો દૂધ રહી અનબોલે.

(છંદ-વલણ-ઢાળ.)

બોલી નરો યહ પાહુને આએ, તિનહિકો બેઠારિયે;
પ્રભુ કહત મોહે બેર લાગત, ભલી ચિત્ત બિચારિયે;
લે ગઇ પય પ્યાએ આઇ, દેખિ શ્રીવલ્લભ કહ્યો;
બચ્ચોહે કછુ હમેં દીજે, બોલ પહેલો યહ ગ્રહ્યો. ૧૫

(ચાલ પહેલી.)

દેખિ નરો બોલી હોં વારિ, નામ દીજિયે ગર્વ પ્રહારી;
નામ દીનો પૂછી વે કહાંહે, કહિ પરવતપર જાઓતહાંહે.

(છંદ-વલણ-ઢાળ.)

તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉતન ફૂલહીં;
વહ સમે સુખ કહિ ન આવે, પંગુ ગતિ મતિ ભૂલહીં;
હસિ કહ્યો સકુટુંબ આઓ, નિકટ રહિ સેવા કરો;
માંનિ બચન પ્રમાણ કીનો, સાસુરે દિસ પગ ધર્યો. ૧૬

(ચાલ પહેલી.)

કછુક દીન રહી સંગ લે આએ, બસિ અડેલમે નિજ હરખાએ;
સંવત પદ્રહ સડસઠ આયો, આસો વદિ દ્વાદશિ શુભ ગાયો.

(છંદ-વલણ-ઢાળ.)

ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીને આયકેં;
જાંનિ બલિકો રૂપ હરખિત, દેત દાન બઢાયકેં;
ફેરિકેં ચરણાટ આયે, કછુક દિન રહે જાનિકેં;
ધન સંવત પંદ્રહા ધન બહોતરા યહ માનિકેં. ૧૭

(ચાલ પહેલી)

પોષ કૃષ્ણ નૌમી જબ આઈ, ઘર ઘર આનંદ હોત બધાઈ;
શ્રીવિઠ્ઠલનાથજન્મભયોસુનિકેં, કહતફિરતઆનંદગુણગનિકેં.

(છંદ-વલણ-ઢાળ,)

આનંદ બાઢયો ચહુંદિશા,છબિ નિરખિ શ્રીવલ્લભ હસે;
બેઉ કછુ મુસિકાય ચિતયે, દોઉ હસનિ મેરે મન બસે;
તિલક મૃગમદ છિપ્યો હરખિત, કહાંલોં ગુણ ગાઇયે;
કૃપાતેં ઉચ્છલિત નિજરસ,છિપત નાંહીં છિપાઇયે. ૧૮

(ચાલ પહેલી.)

શ્રીગોકુલમેં બાસ સુહાયો, રૂકિમણિ પદ્માવતી પતિ ગાયો;
શ્રીગિરિવરધર જિનહિ છબિલો,શ્રીનવનિતપ્રિય અરવીલો;

(છંદ-વલણ-ઢાળ.)

પ્રિય શ્રીમથુરેશ શ્રીવિઠ્ઠલેશ, શ્રીદ્વારિકેશ જુ;
શ્રીગોવરધનધર શ્રીગોકુલચંદ્રમા મધુરેશ જુ;
શ્રીમદનમોહન અષ્ટ ઇહિ બિધિ, રમણ શ્રીવિઠ્ઠલનાથકે;
તાતકે ચિત જાનિ સેવા, વિસ્તરી સબ સાથકે. ૧૯

(ચાલ પહેલી.)

પંદ્રહસે સત્તાનુ કાર્તિક,વિમલ દ્વાદશી મંગલ નિત્ય ઢિગ;
પ્રથમ પુત્ર પ્રકટે શ્રીગિરિધર, ષટ્ગુણ ધર્મિ ધર્મ ધુરંધર.

(છંદ-વલણ-ઢાળ.)

ધુરંધર ઐશ્વર્ય શ્રીગોવિંદ, પંચદશ નન્યાનવે;
ઉર્જ સાંવલ અષ્ટમીશુભ, ગુરુ સુદિન પ્રકટે જબે;
ઋતુ વિઋતુ શૃંગાર આસો, અસિત તેરસ બ્રાજહીં;
શ્રીબાલકૃષ્ણજી મહાપરાક્રમી સુખ સોરહસેં રાજહીં. ૨૦

(ચાલ પહેલી.)

કવિસહસુદિસાતેં શ્રીગોકુલપતિ,યશસ્વરૂપમાલાસ્થાપિતરતિ
સોરહસેં અગ્યારહ કાર્તિક સિત,અર્કબુદ્ધ રઘુનાથશ્રીસહિત.

(છંદ-વલણુ-ઢાળ.)

હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માનિકેં;
તિથી કલાઉુદ્ધ મધુછબિ, વિમલ ગ્નાન બખાંનિકેં;
શ્રીયદુનાથ પ્રકટે રહ્યો વિરહે, શ્રીઘનશ્યામસ્વરૂપકેં;
સહ કૃષ્ણ તેરસ રવિજરિ ક્ષસત કલા શ્રીવિઠ્ઠલ ભૂપકે ૨૧

(ચાલ પહેલી.)

ભામનિરાની કમલા બખાનીં, પારવતી જાનકી મહારાની
કૃષ્ણાવતી મિલિ સાતો કહાઈ, યહ અલૌકિકરૂપ મહાઇ.

(છંદ-વલણુ-ઢાળ.)

મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટ છાપહે;
અલૌકિક સબ ભક્તજન જો, શરણ લીને આપ હે;
યથામતિ કછુ બરની આઈ, જાનિયો યહ દાસ હે;
શ્રીદ્વારકેશ નિરોધ માગેં, યહી ફલકી આસ હે. ૨૨

इति श्रीमूलपुरुष संपूर्ण.

इति श्रीवल्लभाख्यान तथा मूलपुरुष समाप्त.



॥ श्रीकृष्णाय नमः ॥

श्रीवल्लभाख्यानमां वर्णवेली श्रीआचार्यजी महाप्रभुजीनी वंशावली सात बालक सुधीनी.

તૈલંગબ્રાહ્મણ કૃષ્ણયજુર્વેદી તૈત્રી શાખા ભારદ્વાજ ગોત્ર નારાયણ સોમયાગી, તેના પુત્ર ગંગાધર સોમયાગી, તેના પુત્ર ગણપતિ સોમયાગી, તેના પુત્ર વલ્લભ સોમયાગી, તેના પુત્ર લક્ષ્મણ સોમયાગી, તેના પુત્ર ત્રણઃ-

૧. રામકૃષ્ણભટ્ટ, ૨. શ્રીવલ્લભાચાર્ય, ૩. કેશવભટ્ટ.

(જન્મ સંવત ૧૫૩૫ વ્રજ વૈશાખ વદિ ૧૧)

શ્રીગોપીનાથજી. (જન્મ સં. ૧૫૬૭ વ્રજ આસો વદિ ૧૨)

શ્રીપુરુષોત્તમજી.

શ્રીવિઠ્ઠલનાથજી. (જન્મ સં. ૧૫૭૨ વ્રજ પો. વ. ૯)

ના સાત બાળકો.

૧ શ્રીગિરિધરજી, જન્મ સંવત્ ૧૫૯૭ કાર્તિક સુદિ ૧૨.
૨ શ્રીગોવિંદરાયજી, જન્મ સવંત્ ૧૫૯૯ કાર્તિક વદિ ૮.
૩ શ્રીબાલકૃષ્ણજી, જન્મ સંવત્ ૧૬૦૬ વ્રજ આસો વદિ ૧૩.
૪ શ્રીગોકુળનાથજી, જન્મ સંવત્ ૧૬૦૮ માગશર સુદિ ૭.
૫ શ્રીરઘુનાથજી, જન્મ સંવત્ ૧૬૧૧ કાર્તિક સુદિ ૧૨.
૬ શ્રીજદુનાથજી, જન્મ સંવત્ ૧૬૧૩ ચૈત્ર સુદિ ૬.
૭ શ્રીઘનશ્યામજી, જન્મ સંવત્ ૧૬૨૮ વ્રજ માગશર વદિ ૧૩.

॥ श्रीकृष्णाय नमः ॥

नव आख्यान मध्येना सारांशना पंडितवर्य श्रीगट्टूलालाजीए करेला व्रजभाषाना दोहानुं गूजरातीमां भाषांतर.

દોહા.

આખ્યાન ૧—વંદનકરિશ્રીહરિધામ જુત, લીલાસહ વ્યાખ્યાન;
દ્વિવિધસૃષ્ટિ સહહેતુહરિ, જન્મકહ્યોઆખ્યાન. ૧

આખ્યાન ૨—શ્રીવલ્લભનું મહિમા કહ્યો, આ બીજે આખ્યાન;
શ્રીવિઠ્ઠલવિભુજન્મલગિ, ચરિત્રસુખનિધિગાન. ૨

આખ્યાન ૩—શ્રીવિઠ્ઠલવિભુ જન્મમાં, ત્રિભુવનજન સન્માન
જોઈ મહા ઉત્સવ કહ્યા, આ ત્રીજે આખ્યાન. ૩

આખ્યાન ૪—આ ચોથે આખ્યાન હરિ, કહે સ્કંધ અનુસાર,
નિજજનઅનહિતટાળિસૌનિત્યહિત અમિતઉદાર

આખ્યાન ૫—ભક્તિમાર્ગ હરિ સ્થિરકરે, સકલ પુષ્ટિફલદાન;
આપરૂપ લીલા કહી, આ પંચમ આખ્યાન. ૫

આખ્યાન ૬—શ્રીવિઠ્ઠલ પૂર્વે કરી, જે નિત્યલીલા તેહ.
કહી ષષ્ટ આખ્યાન કંઈ, ફરી તે માંગી નેહ ૬

આખ્યાનઃ ૭—સેવા કરિને શીખવે, હરિ ધરિ વિઠ્ઠલ રૂપ;
કહી સપ્તમાખ્યાન ફરિ, લીલા જુગલસ્વરૂપ. ૭

આખ્યાન ૮—કર્યા રૂચિર પરિવાર યુત, વિઠ્ઠલના ગુણ ગાન;
પાપહારિ મહિમા ચરિત્ર, આ અષ્ટમઆખ્યાન૮

આખ્યાન ૯—વરણ્યોમનસુમરણ કરણ, સુવનઆદિસુખદાન
શ્રીવલ્લભકુળવૈભવશુભ, આ નવમેંઆખ્યાન.૯
શ્રીવિઠ્ઠલના સાત સુત, બે ભ્રાતા તે આપ;
મળી એક નવરૂપ સૌ વલ્લભ પ્રબલ પ્રતાપ. ૧૦